પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર

Price : 5/-

# જાગૃતિ સંદેશ
# JAGRUTI SANDESH

Total Page : 32

Vol 18 Issue No. 9 - Mumbai - SEPTEMBER 2018

VISION 2025 **JAIN JAGRUTI**
**PROGRESS IN MOTION**







KAJAL OZA RAHUL KAPOOR


Exclusive 22k & 18k Jewellery
Making Charges at
Factory price
Shop#2, Al Ras Main Road, Near RAK Bank, Gold Souk, Deira, Dubai
P.O.Box - 181971 Tel : +9714 2350419 Email – jewelgold999@gmail.com
Gold Souq, Deira
Like us on facebook
/jewelgoldndiamond
Follow us on Instagram
@jewelint
JEWEL
SILVER | GOLD | DIAMOND
advt.

# જૈન જાગૃતિ સેન્ટર
## સેન્ટ્રલ બોર્ડ
## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ),
મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી ચંદ્રકાંત એફ. શાહ**



**કૅબિનેટ કમિટી ૨૦૧૮-૨૦૧૯**

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી રમેશભાઈ જે. મોરબિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી પ્રવીણ એ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી કિશોર એસ. શેઠ |
| સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી અનિલ જી. દોશી |
| | શ્રી વિજય એચ. મહેતા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી સુનીલ પી. શાહ |
| ખજાનચી | : શ્રી રાજેશ સી. ગાંધી |
| | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી**

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | : શ્રી અમિત ડી. કોઠારી |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી પ્રવીણ જી. શાહ | શ્રી કમલેશ સી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી રાજેશ આર. ભણસાલી | શ્રી રાજેશ સી. ગાંધી |
| શ્રી ધર્મેશ એસ. જૈન | શ્રી રાહુલ એમ. ટિંબડિયા |
| શ્રી અનિલ જી. દોશી | શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

**: ઈન્વાયટી :**

| | |
|---|---|
| શ્રી દિનેશ વી. શાહ | શ્રી કિરણ એચ. શાહ |

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


**છૂટક મૂલ્ય રૂ.૫/- વાર્ષિક લવાજમ રૂ.૫૦/-**

**Message From The CHAIRMAN.....**



## ''મિચ્છા મિ દુક્કડમ્''

આટલી મોટી સંસ્થાના વહીવટ અન્વયે ઘણીવાર વહીવટી સગવડતા માટે તથા અનુશાસન માટે કોઈ કોઈ કડવા નિર્ણય લેવા પડે છે. ક્યારેક ક્યારેક કડક વલણ અપનાવવું પડે છે. ક્યારેક સર્વાંગી હિતમા કોઈને અપ્રિય લાગે તેવું પગલું ભરવું પડે છે પરંતુ આ બધા માટે સંસ્થાનો વિકાસ જ મધ્યમાં હોય છે. તેથી પુરા વર્ષ દરમિયાન કોઈને અમારાથી જાણે-અજાણે કંઈ ખોટુ લાગ્યું હોય તો હૃદયના ઊંડાણથી મન-વચન-કાયાથી ક્ષમા માગીએ છીએ. 'મિચ્છામિ દુક્કડમ્'

કિસાનો માટે આકાશમાંથી કાચું સોનુ વરસી રહ્યું છે. શેરબજાર માટે તેજીનો સંકેત વરસી રહ્યો છે. વેપારી વર્ગ માને છે કે દિવાળી સારી જશે. ગૃહિણીઓ કહે છે કે પાણીની તંગી ઓછી થશે, પૈસાદારો માને છે કે કાદવ કિચડમા અમારી ગાડી ગબડે છે માટે વરસાદ બંધ થાય તો સારૂં? યુવાનો ભીંજાવવાની તક છોડતા નથી.

મેઘરાજા વિવધિ રીતે વર્ણવવામાં આવે છે. પરંતુ મેઘ એ જીવન છે, પાણી એ જીવન છે એ સૌ સ્વીકારે છે.

જે રીતે સમાચાર આવી રહ્યા છે તે ઉપરાંત આજુબાજુમાં નજર રાખીએ તો આ વર્ષે ચાતુર્માસ દરમિયાન ખૂબ જ કઠિન આરાધના અને તપસ્યા થઈ છે, જેમાંથી નાનાં-નાનાં બાળકો પણ બાકાત નથી, જે દર્શાવે છે કે જૈન સંપ્રદાયમાં ફિરકા અને વાડાઓથી પર રહી ધાર્મિક ઉછાળ આવેલો છે. છેવટે જગતને આંધીમાંથી બચવા માટે જૈન ધર્મ જ કામમાં આવશે. ભારત સિવાય દુનિયાના અન્ય ભાગમાં હિંસાનું જે તાંડવ ખેલાઈ રહ્યું છે તે મહાભયંકર અને વિનાશકારી અને માનવતાવિહિન છે. ઈરાકનો દાખલો આપણી સમક્ષ છે, જ્યાં માનવતા મરીપરવારી છે. એક જ રાષ્ટ્રના અને એક જ ધર્મના લોકો શેના માટે મોતની હોળી ખેલી રહ્યા છે તે આપણી સમજમાં આવતું નથી. છેવટે તેમના હાથમાં શું આવવાનું છે. ભગવાન મહાવીર અને મહાત્મા ગાંધીના અહિંસાવાદના સિદ્ધાંતની જ અત્યારે ખાસ જરૂર છે. સત્ય અને અહિંસા વડે આ લોકોનો હૃદયપલટો થઈ શકે. બાકી 'ખૂન કા બદલા ખૂન'થી ક્યારેય શાંતિ સ્થપાશે નહીં, એટલું આ આતંકવાદીઓને સમજાવી શકાય તો શાંતિ હાથવેંતમાં છે.

છેલ્લા ચોમાસાના ચાર મહિના દરમિયાન અલગઅલગ સંપ્રદાયમાં સર્વે ધર્માનુરાગીઓ પોતપોતાના ધર્મમાં લીન હતા. ભારતમાં ક્યાંય ધર્મના નામે મોટી હિંસા-તોફાન કે તાંડવ થયાં નથી. આટલો મોટો દેશ છે, તેથી નાનાં-મોટાં છમકલાં થાય, પણ તે બહુ જ નગણ્ય છે. માનનીય શ્રી નરેન્દ્ર મોદીના નિરપેક્ષ વહીવટમાં દેશ વિકાસના માર્ગે જવા તલપાપડ બની રહ્યા છે. વર્ષોથી નિષ્પ્રાણ બની રહેલા વહીવટમાં નવો પ્રાણવાયુ ફુંકાઈ રહ્યો છે. અસંખ્ય કસોટીવાળા કંટકમાંથી દેશ અનુશાસન તરફ ધીમી છતાં મક્કમ ગતિએ આગળ વધી રહ્યો છે તે

તો દેખાઈ જ આવે છે. સુશાસન માટે કાયદાઓ તો આપણી પાસે ઢગલાબંધ છે, પરંતુ તેનો અમલ કરવા માટે જરૂરી યંત્રણા આપણી પાસે નથી. તે બધાનું સમીકરણ ઉકેલવા તરફ ડગ માંડી રહ્યા છીએ. સાથેસાથે મોદીસાહેબના વ્યક્તિત્વ વડે દુનિયાનાં અન્ય રાષ્ટ્રોમાં ઘસાઈ ગયેલી ભારતની છબી ઊજળી થઈ રહી છે. નેપાળ-ભુતાન-બ્રાઝિલ, શાર્ક વગેરે દેશો અને છેલ્લે અમેરીકા જેવા દેશો આપણા વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની તેજોવાણી અને ભાવનાથી હિપ્નોટાઈઝ થઈ રહ્યા છે.

૧૯૫૨માં પ્રથમ લોકસભામાં ત્યારના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરુએ કહેલું કે કોઈ પણ સબળ લોકશાહી માટે વિરોધ પક્ષનું મહત્વ બહુ જરૂરી છે. પરંતુ ત્યાર પછી વિરોધ પક્ષનો, પછી તે ગમે તે પાર્ટી હોય, પણ અ-સહિષ્ણુ વિરોધ તથા વિરોધ કરવા ખાતર જ વિરોધ સપાટી પર આવ્યો જેણે દેશની દશા ખરાબ કરી નાખી. સત્તા પર રહેલી પાર્ટી જો સમુદ્રમંથન કરી અમૃતકુંભ લઈ આવે તોપણ તેનો પૂર્વગ્રહયુક્ત, બિનખેલદિલીપૂર્વકનો વિરોધ કરવો એ વિરોધ પક્ષનો ધર્મ બની ગયો છે. અત્યારે એવું જ થઈ રહ્યું છે. કોઈપણ સારાં કામોને બિરદાવવાને બદલે વખોડવાનું કામ જોરમાં ચાલી રહ્યું છે, પણ મોદીસાહેબ છે જે હાથીની ચાલે પ્રગતિ તરફ જઈ રહ્યા છે. (હાથીની ચાલ કોને કહેવાય એ તો તમને ખબર જ હશે).

આ વર્ષે ૧૫મી ઓગસ્ટના રોજ રિવાજ પ્રમાણે લાલ કિલ્લા પરથી કરોડો લોકોના હૃદયસમ્રાટ સમાન માન્ય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રજોગું અભૂતપૂર્વ ભાષણ આપ્યું જે ખૂબ જ પ્રેરક હતું, જેની શાબ્દિક વૅલ્યૂ કરતાં ભાવ વૅલ્યુ ઘણી જ હતી. ઘણા સારા સારા રાષ્ટ્રઉપયોગી વિકાસકાર્યો તરફ દોરી જતા મુદ્દાઓ રજૂ કર્યા જે પૂરા રાષ્ટ્રએ એકચિત્તે સાંભળ્યા. આ ભાષણનું સૌથી મોટું આ કાર્ય એ હતું કે ૬૦ મિનિટ ભાષણમાં તેમણે ક્યાંય પૂર્વલખાણનો ઉપયોગ કર્યો નહીં, જે અત્યાર સુધીનો રેકોર્ડ છે. નહેરુ પછી પ્રથમ વાર કોઈ પણ પ્રકારની કોન્ટ્રોવર્સી કે શાબ્દિક ચર્ચા થાય તેની પરવા કર્યા વિના બિન્દાસ રીતે વક્તવ્ય આપ્યું જે ખૂબ જ અર્થપૂર્ણ હતું. પૂરું ભાષણ તો સર્વેએ સાંભળેલું છે. પરંતુ મારે એક ઉલ્લેખ ખાસ કરવો છે જેને આપણા જૈન સમુદાય સાથે સંબંધ છે. નિ:શંક વાત છે કે 'જય જવાન' અને 'જય કિસાન' બન્ને રાષ્ટ્રના મૂળભૂત અંગ છે. જવાન દેશની રક્ષા કરે છે અને કિસાન જગતનો તાત છે જે અનાજ પેદા કરે છે. સાથેસાથે બીજા એક અગત્યના અંગની કાયમ માટે ઉપેક્ષા કરવામાં આવતી હતી તે 'ઉત્પાદક'(Manufactures)નો ખાસ ઉલ્લેખ કરી તેને મહત્વ આપ્યું. તેમણે કહ્યું કે હિંદુસ્તાની પ્રજાની દરેકેદરેક જરૂરિયાત ભારતમાં બનવી જોઈએ જેથી ખૂબ જ મહેનતથી કમાવેલ હૂંડિયામણ બહારના દેશમાં ચાલ્યું ન જાય અને દેશના યુવાનોને રોજીરોટી મળી રહે તે માટે તેમણે તે સૂત્ર આપ્યું 'Make in India' આપણી કમનસીબી છે કે આપણે એવી પોલિસી ધારણ કરી છે કે રક્ષાબંધન ૧૦૦ ટકા ભારતનો જ તહેવાર હોવા છતાં કંટેનરો ભરીને લાખો રૂપિયાની રાખડી આપણે ચીનથી મંગાવીએ છીએ. શું આપણે રાખડી બનાવી શકીએ નહી? ચીનને તો રાખડી સાથે કોઈ સંબંધ જ નથી. એવી જ રીતે દિવાળી પર કરોડો રૂપિયાની લાઈટિંગ સિરીઝ ચીનથી મગાવીએ છીએ જે આપણા કરતાં ઘણી સસ્તી અને બિનટકાઉ હોય છે. આ તો થોડાક દાખલા આપ્યા. આવું તો દરેક વસ્તુમાં છે. સારું થયું કે આપણા માનનીય વડા પ્રધાનની નજરમાં આ પ્રકરણ આવી ગયું. હવે ઈન્ડસ્ટ્રીઅલ પૉલિસીમાં ધરખમ ફેરફાર થયા પછી આપણે ત્યાં બેકારી ઓછી થશે. યુવાનો કામે લાગશે અને હૂંડિયામણ વધશે. ધન્યવાદ છે વડા પ્રધાનને તેમની અગમ બુદ્ધિ માટે.

તેર વર્ષ પહેલાં હાયર એજ્યુકેશન અભિયાન શરૂ કર્યું ત્યારે જૈન સમુદાયના શ્રેષ્ઠિઓને-દાતાઓને આ અભિયાનમાં એજ્યુકેશન માટે ડોનેશન આપવાનું સમજાવવું બહુ કઠિન કાર્ય હતું. કારણકે ત્યારે આસ્થા ધર્મ પ્રત્યે જ હતી. એજ્યુકેશન માટે અભિયાન ચલાવવું તે સાધર્મિક ભક્તિનો એક ભાગ છે એવું સમજાવતા આપણને વર્ષો લાગ્યાં. પરંતુ મને કહેતા આનંદ થાય છે કે તે બાબતમાં આપણે આંશિક સફળ થયા છીએ. સમાજ જો ભણેલો હોય તો જ શાંતિ અને સમૃદ્ધિ આવશે અને તો જ ધર્મ ટકશે એવું હવે નિર્વિવાદ છે. તેનું પરિણામ સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે.

આ વર્ષે એજ્યુકેશનના ઉપસારમા જે દરેક સેન્ટરે પોતાની રીતે પ્રોગ્રામનું નિર્માણ કર્યું હતું. તેનું Impact ધાર્યા કરતા વધારે આવેલ છે. છતા બોમ્બે બહારના દરેક સેન્ટર પોત પોતાની રીતે એજ્યુકેશનની અપીલ કરવામાથી વંચિત રહી ગયા છે. તો તેમને ત્રણ-ચાર નજીકના સેન્ટરોએ ભેગા મળીને પોતાની રીતે પ્રોગ્રામ કરવો જોઈએ.

આ વર્ષે જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડની કૉન્ફરન્સ દિલ્હી ખાતે તા. ૨૮થી ૩૦ સપ્ટેમ્બર રાખેલ છે. તો દરેક સેન્ટરના પદાધિકારીએ આવવાનું રાખવું જોઈએ, પણ જો અમુક સેન્ટરના પદાધિકારીઓ આવવાના નથી તો તેનું મને દુઃખ છે. પણ ચલો, ૨૦૨૦ની કૉન્ફરસ હોય ત્યારે દરેક સેન્ટરના એક કે બે પદાધિકારી આવે તેવી હુ આશા રાખુ છું. જેથી તેમની આસ્થામાં પરિવર્તન આવશે જ. તેવી મને ખાતરી છે. Let us Hope for the Best જે થઈ રહ્યું છે તે સારા માટે જ થઈ રહ્યું છે.

***લિ. સંજય બી. શાહ***
***ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ***

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| • અમૃત નગર | : | ૯-૮-૧૮ | પપ્પા અમારા પ્રાઈમ મિનિસ્ટર - નાટક | ✦ |
| | : | ૩૦-૮-૧૮ | એક ચતુર નાર ભારે હોશિયાર - નાટક | ◈ |
| • ભાંડુપ - વિક્રોલી | : | ૩૧-૮-૧૮ | પપ્પા અમારા પ્રાઈમ મિનિસ્ટર - નાટક | ◈ |
| • બોરિવલી | : | ૧૪/૧૬-૮-૧૮ | પપ્પા અમારા પ્રાઈમ મિનિસ્ટર - નાટક | ◈ |
| • ચેમ્બુર | : | ૯-૮-૧૮ | કેર સગા ને કેરવાલા - નાટક (કચ્છી) | * |
| • દહિસર | : | ૨૮-૮-૧૮ | પહેલી ગમતી નથી બીજી જામતી નથી- નાટક | ◈ |
| • ધોરાજી | : | ૧૨-૮-૧૮ | રીમઝીમ અંતાક્ષરી - ગેમ શો | * |
| • જેમ જગડુશા | : | ૧૮-૮-૧૮ | માસ્ટર સ્ટ્રોક - નાટક | * |
| • ગોલ્ડન ગારોડિયા | : | ૧૪-૮-૧૮ | આપણા મલક - ડાયરો | * |
| | : | ૨૫-૮-૧૮ | એમ જે - મનીષ જોષી - ઑર્કેસ્ટ્રા | ◈ |
| • ગોંડલ | : | ૧૨-૮-૧૮ | રીમઝીમ અંતાક્ષરી - ગેમ શો | * |
| • ગોંડલ (L.W) | : | ૧૨-૮-૧૮ | રીમઝીમ અંતાક્ષરી - ગેમ શો | * |
| • જુહુ બીચ | : | ૧૦-૮-૧૮ | રામાયણ રોમિયો જુલિયેટની - નાટક | ◈ |
| | : | ૧૯-૮-૧૮ | હેલ્થ અવેરનેસ અને હેલ્થ ચેક અપ કૅમ્પ - મેડીકલ કૅમ્પ | ◈ |
| | : | ૨૪-૮-૧૮ | મૈ હુ ડૉન - ઑર્કેસ્ટ્રા | ◈ |
| | : | ૨૮થી ૩૦-૮-૧૮ | આહાર ફુડ ફેસ્ટીવલ | ◈ |
| • જુહુ | : | ૫-૮-૧૮ | મ્યુઝીકલ શો - ઑર્કેસ્ટ્રા | ◈ |
| | : | ૮-૮-૧૮ | મુલ્ક - ફિલ્મ | ◈ |
| | : | ૨૧-૮-૧૮ | ગોલ્ડ - ફિલ્મ | ◈ |
| | : | ૨૮-૮-૧૮ | શું થયું - ફિલ્મ | ◈ |
| • જામનગર (મેઈન ગ્રુપ) | : | ૨૪-૮-૧૮ | ઉંચીનો શ્વાસ - નાટક | * |
| • જેતપુર | : | ૧૨-૮-૧૮ | રીમઝીમ અંતાક્ષરી - ગેમ શો | * |
| • જુનાગઢ | : | ૧૨-૮-૧૮ | રીમઝીમ અંતાક્ષરી - ગેમ શો | * |
| | : | ૧૯-૮-૧૮ | નિદાન કૅમ્પ - મેડીકલ કૅમ્પ | ◈ |
| • કાંદિવલી | : | ૨૦/૨૧-૮-૧૮ | પપ્પા અમારા પ્રાઈમ મિનિસ્ટર - નાટક | ◈ |
| | : | ૩૦/૩૧-૮-૧૮ | ૩ દિવસીય અમૃત પ્રવચન ધારા - પર્યુષણ વ્યાખ્યાન માળા | ◈ |

| | | | |
|---|---|---|---|
| ● મલાડ | : ૧૭-૮-૧૮ | મ્યુઝીકલ મીક્સ - (શરદ લશ્કરી) - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● મુંબઈ | : ૮-૮-૧૮ | સંભવ - અસંભવ - નાટક | ◈ |
| | : ૨૩-૮-૧૮ | અક્કલ બડી કે કૅશ - નાટક | ◈ |
| ● મુંબઈ (ઈસ્ટ) (L.W) | : ૯-૮-૧૮ | અંતાક્ષરી - નીતા ગાલા | ◈ |
| ● નવી મુંબઈ | : ૯-૮-૧૮ | સંભવ - અસંભવ - નાટક | ◈ |
| | : ૨૮-૮-૧૮ | રંગ કસુંબલ - ડાયરો | ◈ |
| | : ૨૯-૮-૧૮ | એક ચતુર નાર ભારે હોશિયાર - નાટક | ◈ |
| ● નૉર્થ ઈસ્ટ | : ૧૦-૮-૧૮ | બોલીવુડ ગપશપ - ઑર્કેસ્ટ્રા | ◈ |
| | : ૨૧-૮-૧૮ | માસ્ટર સ્ટ્રોક - નાટક | ★ |
| ● પેડર રોડ | : ૪-૮-૧૮ | અક્કલ બડી કે કૅશ - નાટક | ◈ |
| | : ૧૨-૮-૧૮ | સાવન કા મહિના (કેતનકુમાર) ઑર્કેસ્ટ્રા | ★ |
| | : ૧૫-૮-૧૮ | ગોલ્ડ - ફિલ્મ | ◈ |
| | : ૧૯-૮-૧૮ | બાપ કમાલ દિકરો ધમાલ - નાટક | ◈ |
| ● પનવેલ | : ૨૭-૮-૧૮ | હાસ્યની હેલી - હાસ્ય દરબાર | ◈ |
| ● રજવાડી | : ૪-૮-૧૮ | રજવાડી કી શામ ઝીંગત કે નામ - ઑર્કેસ્ટ્રા | ◈ |
| | : ૮-૮-૧૮ | પપ્પા અમારા પ્રાઈમ મિનિસ્ટર - નાટક | ◈ |
| | : ૧૯-૮-૧૮ | Wet & Joy - રિસોર્ટ | ★ |
| | : ૨૨-૮-૧૮ | ગોલ્ડ - ફિલ્મ | ✦ |
| ● રૉયલ જગડુશા | : ૧૭-૮-૧૮ | માસ્ટર સ્ટ્રોક - નાટક | ★ |
| ● સાયન માટુંગા | : ૧૨-૮-૧૮ | ઓવી - નાટક | ◈ |
| | : ૨૨-૮-૧૮ | ગોલ્ડ - ફિલ્મ | ◈ |
| ● સુરેન્દ્ર નગર | : ૨૯-૮-૧૮ | ફુલ બૉડી ચેક અપ - મેડિકલ કૅમ્પ | ◈ |
| ● ઉપલેટા | : ૧૨-૮-૧૮ | રીમઝીમ અંતાક્ષરી - ગેમ શો | ★ |
| ● વિલે પાર્લે | : ૧૪-૮-૧૮ | માસ્ટર સ્ટ્રોક - નાટક | ◈ |
| ● વસઈ | : ૮-૭-૧૮ | સાઈલેંટ હીલ - રિસોર્ટ | ★ |
| | : ૩૧-૮-૧૮ | બે - નકાબ - નાટક | ◈ |
| ● વાપી (લે. વિંગ) | : ૧૮-૮-૧૮ | ટેલેન્ટ ઈવનીંગ શો - ઑર્કેસ્ટ્રા | ★ |

**સંજ્ઞા : જમણ સાથે ★ જમણ વિના ◈ નાસ્તો ✦**

**દરેક સેન્ટરના પ્રમુખ તથા સેક્રેટરીને આથી જાણ કરવામાં આવે છે કે દરેક કાર્યક્રમ પત્યા પછી તુરંત જ સર્ક્યુલર તથા ઈ-મેઈલ સેન્ટ્રલ બૉર્ડની ઑફિસમાં પહોંચાડવામાં આવશે તો જ ત્યાર પછીના ઈસ્યૂમાં છાપવામાં આવશે.**

**જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટના દ્વારા નીચેનાં પદાધિકારી તથા સર્વે સેન્ટરોના સેન્ટ્રલ બોર્ડના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે**

## OCTOBER CHARTER DATE

| Sr. No. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Badnawar | 04-10-2015 | Ashok Sanghvi | 9981977001 | Arun Sundecha | 9424075822 |
| 2 | Una | 08-10-2000 | Ravindra Doshi | 9825597927 | Mahendra Shah | 9426850992 |
| 3 | Ladies Wing Dhoraji | 08-10-2017 | Viral Parekh | 9429168095 | Jemi Shah | 9033423032 |
| 4 | Ladies Wing Wankaner | 08-10-2017 | Geeta Belani | 9409411429 | Jayshree Solani | 9409405715 |
| 5 | Dhoraji | 10-10-2010 | Lalit Vora | 9913975566 | Kartikey Parekh | 9825877174 |
| 6 | Udhna | 13-10-2013 | Jayantilal Kukra | 9825135744 | Rakesh Dangi | 9427106327 |
| 7 | Dhrangadhra | 22-10-2000 | Biren Mehta | 9427395919 | Nilesh Shah | 9429110425 |
| 8 | Pink Pant Nagar | 25-10-1988 | Ashok Thosani | 9821039185 | Dipesh Mehta | 9819333748 |

# વસિયત મારું છેલ્લું સદ્કાર્ય



**જૈન જાગૃતિ સેન્ટર - મલાડે એક સેમિનારનું આયોજન કર્યું હતું. લાઈફ સ્ટાઈલ ફૉરમ દ્વારા ''વસિયત મારું છેલ્લું સદ્કાર્ય'' તેમાં મલાડ સેન્ટરના દરેક સભ્યોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને વસિયત બનાવવા અંગેની વિસ્તૃત જાણકારી જેજેસી મલાડના ઉપપ્રમુખ શ્રી અમિત કોઠારી (સી.એ) દ્વારા વિગતવાર માહિતી તેમને આપી હતી.**

### વિલ અંગેની માહિતી

● વિલ એટલે તમારા પતિ-પત્ની અને બાળકો માટેના ભવિષ્યની કાયદેસરની વ્યવસ્થા છે. જેમાં તમે તમારી મિલકતનો હક્ક તમે જેને આપવા ઈચ્છિત હોય તેના બાબતની વિગત તમે તેમાં દર્શાવી શકો છો.

● વીલ વ્યક્તિની સ્થાવર અથવા જંગમ મિલકતનો કારભાર ભવિષ્યમાં તમારી ઈચ્છા મુજબ તમારી ગેરહાજરીમાં થાય તે માટે હોય છે. તમે આ વીલમાં કોને કેટલી મિલકત તમારા મૃત્યુ બાદ મળે તે બાબતની કાયદેસરની વ્યવસ્થા છે. વીલ વ્યક્તિના કુટુંબમાં અરાજકતા તથા મન દુ:ખ ન થાય તે માટે હોય છે. જેને કાયદેસરની માન્યતા છે.

● જો તમારું વીલ ન હોય તો તમારા મૃત્યુ બાદ કાયદાનો ગેર ઉપયોગ કરીને તમારી ઈચ્છા ન હોય તેવા વારસદારો પણ તમારી મિલકતમાં ભાગ પડાવી શકે છે.

● જો વીલ હોય તો તમારી હયાતિ બાદ તમારા વારસદારોને કાયદેસરનો હક્ક લેવા કોર્ટની લાંબી અને ખર્ચાળ કાર્યવાહીનો ભોગ બનવું નહિ પડે.

● તમારા વીલમાં તેમજ નક્કી કરીને નામ લખી શકો છો. કે તમારી હયાતિ બાદ તમારી મિલકતનો ભાગ કોને કેટલો મળશે.

● તમારા વીલમાં તમે નક્કી કરી શકો છો કે તમારે તમારા નજીકના વારસદારને તમારી મિલકત ન આપવી હોય તો તે પણ તમે વીલમાં લખી જેને મિલકત આપવી હોય તેને આપી શકો છો.

● તમારા વીલ દ્વારા તમે જેને ભેટ અથવા ડોનેશન આપવા માંગતા હો તો તે કાયદેસર રીતે માન્ય છે.

● વીલ તમે સમયે સમયે બદલાવી શકો છો અને તમારા હયાતિ પહેલાનું છેલ્લુ વીલ કાયદેસરનું ગણાશે.

# ક્ષમાપનાનો મર્મ અને તેનું મહત્ત્વ

✦ અમૃતલાલ યાજ્ઞિક

જ્યારે જ્યારે પર્યુષણનું પવિત્ર પર્વ આવતું હોય છે, ત્યારે મારા જીવનમાં બનેલો એક પ્રસંગ મને યાદ આવે જ છે. આપણા ધર્મમાં ઊંડ્યડહ્ડમ્રડ્મધડ ચડહ્ડમ્રડઠડ્હ– ક્રોધનું ઓસડ અક્રોધ એમ પ્રાચીન કાળથી કહેવાયું છે. જૈન ધર્મમાં તો તે કેન્દ્રસ્થાને છે. આ ચિંતનસૂત્ર હું જાણતો હતો, સિદ્ધાંતની દૃષ્ટિએ સમજતો હતો અને એમાં મારી પૂર્ણ શ્રદ્ધા હતી. જ્યાં સુધી ક્રોધ ભભૂકી ઊઠે નહીં અને કોઈના એવા ક્રોધ વખતે કેમ વર્તવું તેની કસોટી કરે તેવો પ્રસંગ ઊભો થાય નહીં ત્યાં સુધી તેનો કેવો પવિત્ર પ્રભાવ હોય છે તેનો ખ્યાલ આવતો નથી. મારા જીવનમાં એવો એક પ્રસંગ આવ્યો, ત્યારે આ સૂત્રનું પુણ્યજનક દર્શન થયું તે હું કેમ ભૂલી શકું ?

આ પ્રસંગ પંદરેક વર્ષ પહેલાંનો છે. હું મુંબઈની મીઠીબાઈ કોલેજમાં આચાર્ય હતો. તે વખતે જે વિદ્યાર્થીની અભ્યાસની તૈયારી બરાબર ન હોય, તેને પરીક્ષામાં (યુનિવર્સિટીની) બેસવા દેવાની છૂટ ન આપવાનો મારો અધિકાર હતો. એટલે કે હિતને લક્ષમાં રાખીને મેં કર્યો હતો. વર્ષમાં ચાર પરીક્ષાકસોટી કોલેજમાં રખાઈ હતી. ચારેયમાં જેને દસ ટકાથી ઓછા ગુણાંકો મહત્ત્વના વિષયોમાં હોય તેને યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવા દેવાથી તેને જ નુકશાન થાય. તેને ફોર્મ ન આપ્યું જ હોય તો તેને પરીક્ષામાં નાપાસ થયો છે તેની રાહ જોવાની ન રહે અને ભણવું જ હોય તો પહેલેથી તૈયારી કરી યોગ્યતા મેળવી શકે, બીજે વર્ષે સારા ગુણાંકો મેળવી શકે તેવી મારી વિચારણા તેની પાછળ રહી હતી. ચારેય પરીક્ષાની ઉત્તરવહીઓ વિદ્યાર્થીને પાછી આપવામાં આવતી, જેથી તેને શું નથી આવડતું, ક્યાં, કેમ ભૂલ થાય છે તે તે સમજી શકે. ચારેય પરીક્ષાનાં ગુણપત્રકો હું મારા ટેબલ ઉપર રાખી મૂકતો. કોઈપણ વિદ્યાર્થી પોતાને ફોર્મ કેમ નથી મળ્યું તે જાણવા માગે તો હું તેને સમજાવતો. અથવા, કોઈ વિદ્યાર્થીને શંકા હોય કે અમુકને ફોર્મ આપ્યું છે, તેના ગુણાંકો મારાથી ઓછા છે, છતાં કેમ આપ્યું છે તે મને પૂછવાની સહુને છૂટ હતી. ટૂંકામાં પક્ષપાત ક્યાંય નથી થયો તે વિદ્યાર્થી પૂછે તો હું તેને તે ગુણાંકો બતાવીને કહી શકતો. બધાં વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓ આ નિયમ બરાબર જાણતાં હતાં. ફરિયાદો બહુ ઓછી આવતી, કારણ, લાગવગને કાંઈ સ્થાન નહોતું. ડૂબતો માણસ તરણાને પકડે તેવી મનોવૃત્તિ વિદ્યાર્થીઓમાં હોય તે હું સમજતો હતો.

એક દિવસ ઈન્ટર આર્ટ્સમાં ભણતી એક વિદ્યાર્થિની મને ઓફિસમાં મળી અને મારા પરિચિત સંબંધીની ચિઠ્ઠી મને આપી. એ મારા સંબંધી શ્રીમંત અને સજ્જન હતા. કોલેજ માટે ફાળો એકઠો કરાતો હતો, ત્યારે મને સહર્ષ તેમાં પૈસા આપ્યા હતા. મારા માટે તેમને સદ્‌ભાવ હતો. તે અંગ્રેજી નહોતા ભણ્યા, પણ કોઠાસૂઝથી વેપારમાં આગળ વધ્યા હતા. મારી આ વિદ્યાર્થિની તેમના ઘર નજીક રહેતી હતી. વાતવાતમાં તેણે જાણ્યું કે મારી સાથે તેમને સારો સંબંધ છે. એટલે તેણે વિનંતી કરી હશે કે તેને ફોર્મ આપવાની વિનંતી કરતો પત્ર આપે. તેમણે ચિઠ્ઠીમાં મને લખ્યું હતું. '... એ મારી પડોશમાં રહે છે. મારી દીકરી જેવી છે. તેને ફારમ આપવા વિનંતી છે.'

હું સમજી શક્યો કે યુનિવર્સિટીપરીક્ષા માટે મોકલવાનાં ફોર્મ માટે મેં નિયમો શા રાખ્યા છે તેની તેમને કલ્પના નહોતી. તેમને થયું હશે ભરવાનું કાંઈ 'ફારમ' હશે એટલે તેમણે ચિઠ્ઠી લખી આપી, પરંતુ ચિઠ્ઠી લાવનાર વિદ્યાર્થિની તો નિયમો તેમજ મારી તે વિશેની દૃષ્ટિ જાણતી હતી. લાગવગ મારી પાસે ચાલે તેમ ન હતું. કોઈપણ વિદ્યાર્થી મને પૂછી શકે કે તમે ફલાણા વિદ્યાર્થીને મારા કરતાં ઓછાં ગુણાંકો હોવા છતાં ફોર્મ કેમ આપ્યું, તો હું તેને મારા ટેબલ ઉપર પડેલાં ગુણપત્રકો બતાવી

સમજાવતો. સહુ વિદ્યાર્થીઓને તેની ખબર હતી. છતાં આ વિદ્યાર્થીની આવી લાગવગ માટેની ચિઠ્ઠી શા માટે લાવી તે વિચારથી મારા મનમાં ચીડ ચડી. એટલે ક્રોધાવેશમાં મેં તેને ચિઠ્ઠી લાવવા બદલ કહ્યું : 'આવી ચિઠ્ઠી લાવતાં તને શરમ ન થઈ ? આપણે ત્યાં લાગવગ કોઈની ચાલતી નથી, તે તું નથી જાણતી ? ચાલી જા...' એમ કહી એના દેખાતાં ચિઠ્ઠી મેં કચરાપેટીમાં નાખી દીધી.

તે શું બોલે ? ભોઠપ અનુભવી ચાલી જતી હતી તે દરમ્યાન જ મારા મનમાં વિચાર આવ્યો, એ મારા સંબંધીને જઈને કહેશે કે તમારી ચિઠ્ઠી તો વાંચીને કચરાપેટીમાં નાખી દીધી ! એમણે તો માત્ર વિવેકથી ચિઠ્ઠી લખી હતી. યુનિવર્સિટીની પરીક્ષા વિશેની હકીકતો એ ક્યાંથી જાણતા હોય ? એટલે તેમના મનમાં ગેરસમજ થશે તેનું મને દુઃખ થયું. મારી ચીડ, એ નિયમો જાણતી વિદ્યાર્થિની તરફ હતી, ચિઠ્ઠી લખનાર ઉપર નહોતી. પણ તે મારા ઓફિસના દરવાજામાંથી ચાલી ગઈ હતી. હવે શું થાય ? બાણ ફેંકાઈ ગયું હતું ! એ સંબંધી મારા ઉપર ખૂબ ચિડાશે તે હું કલ્પી શકતો હતો. પણ હું તેમને પરિસ્થિતિ બરાબર સમજાવીશ એમ વિચારી મારા મનનું સમાધાન કર્યું.

બેત્રણ દિવસ સુધી એમનો ટેલિફોન ન આવ્યો તેથી મારા મનમાં શાન્તિ થઈ. મારી વિદ્યાર્થિની સમજુ લાગે છે એટલે કશી વાત કરી નહીં હોય તેવું મેં માન્યું હતું. ત્યાં તો ચોથે દિવસે ટેલિફોન આવ્યો. તેમણે ગુસ્સામાં મને કહ્યું 'તમને આચાર્યની ખુરશીમાં કોણે બેસાડ્યા ? મારી ચિઠ્ઠી કચરાપેટીમાં ! હું કચરાપેટીને લાયક છું ? તમે જંગલી છો, તમારામાં સંસ્કાર નથી. તમે વિદ્યાર્થીઓને શા સંસ્કાર આપવાના છો ?...'

હું તેમનો ગુસ્સો સમજી શકતો હતો. તેમનો વાંક નહોતો, ચિઠ્ઠી કચરાપેટીમાં ફેંકી દેતું મારું આચરણ ભૂલભર્યું, ક્રોધાવેશભર્યું હતું. તે ગુસ્સે થઈ મને કહે તો તેમ કરવાનો તેમને અધિકાર હતો. એટલે મેં શાન્તિથી, વિનયપૂર્વક તેમને કહ્યું : 'તમારી ચિઠ્ઠી કચરાપેટીમાં ફેંકી તે મારી ભૂલ હતી, હું તે માટે ક્ષમા ચાહું છું. પણ મેં બીજી ભૂલ નથી કરી, મારી વાત સાંભળો તેવી વિનંતી છે.' પણ તેમનો ગુસ્સો ઓસરતો નહોતો. 'તમારા પ્રમુખ વગેરેને કહીને હું તમને ખુરશી ઉપરથી ફેંકી દઈશ. હું ત્રણ દિવસ હેરાન થયો, મારું મગજ તપી ગયું હતું. હજી પણ શાન્ત નથી થયું. હું કચરાપેટીને લાયક ? નાલાયક... ?' તેમની ગુસ્સાની માત્રા વધતી હતી, અપમાનજનક ગાળો આપતા હતા. હું શાન્ત રહ્યો. કારણ, ગેરસમજથી તે આવું કરતા હતા તે હું જાણતો હતો. ફરીથી મેં શાન્તિથી, વિનયથી કહ્યું : 'પણ મારી વાત તો સાંભળો, ચિઠ્ઠી વિશે તમે કહો છો તે સાચું છે. ક્ષમા માગું છું, પણ મેં કશું જ ખોટું કર્યું નથી. નિયમ પ્રમાણે ફોર્મ...' તેઓ બોલ્યાઃ 'મારે તમારી વાત નથી સાંભળવી, કહ્યું નહીં ! તમે આચાર્ય થવાને નાલાયક છો...'

'પણ મારી વાત તો સમજો !...' મેં વિવેકવિનયથી કહ્યું: 'તમારી વાત નથી સાંભળવી' કહીને તેમણે ટેલિફોન પેટી ઉપર રિસીવર પછાડ્યું તેનો અવાજ મેં સાંભળ્યો. હું શું કરું ?

સંચાલક મંડળના પ્રમુખ વગેરેને મારા વિશે ફરિયાદ કરી. મેં મારું દૃષ્ટિબિંદુ જણાવ્યું. 'મારે તેમની ચિઠ્ઠી કચરાપેટીમાં નાખવી નહોતી જોઈતી તે મારી ભૂલ માટે ક્ષમા માગી, પણ ગુસ્સામાં તે સાંભળવા તૈયાર નહોતા.' પછી ફોર્મ વિશે જણાવ્યું. પ્રમુખશ્રી બધી સ્થિતિ સમજ્યા અને હસ્યા. તેમણે અન્યને પણ ફરિયાદ કરી હશે. તેઓ સાચી સ્થિતિ સમજ્યા હશે કે નહીં તે હું ક્યાંથી જાણું ?

બે એક દિવસ પછી તેમનો ટેલિફોન આવ્યો, વિનયથી બોલ્યા : 'ગુરુદેવ...' મેં વિનયભર્યા અવાજે કહ્યું : 'જી, આપની વધુ ગાળો સાંભળવા હું તૈયાર છું.' તેમનો ક્રોધભર્યો કડક અવાજ મૃદુ બન્યો તેનું મને આશ્ચર્ય હતું. પણ વધુ અણધાર્યું આશ્ચર્ય તો તેમના જવાબથી થયું : 'તમે સાચે જ ગુરુદેવ છો. તમને મેં તે દિવસે ગાળો દીધી. અપમાનજનક

વાતો કહી, પણ તમારો અવાજ તો ધીમો અને સ્વસ્થ જ રહ્યો! તમારી વાત સાંભળવા હું તૈયાર જ નહોતો, મારો ગુસ્સો જ હું બતાવી રહ્યો હતો. એ પછી ફારમ વિશેની ખરી હકીકત સમજ્યો, ત્યારે મને મારા વર્તન માટે ભોંઠપ લાગી અને દુઃખ થયું. મારી ઉદ્ધતવાણી હતી છતાં તે સામે તમે ઉગ્ર ન થયા- સ્વસ્થ રહ્યા, તેનાથી હું કાંઈક નવું શીખ્યો. એટલે આજે તમને હું સાચા ભાવથી ગુરુદેવ કહું છું. તમારી હું ક્ષમા માગું છું.'

હું ખૂબ પ્રસન્ન થયો. મેં જવાબમાં કહ્યું : 'તમારા સદ્ભાવે મને ભીંજવ્યો છે. પણ મારો જ પ્રથમ વાંક હતો તેના પરિણામે તમે ગુસ્સે થયા હતા તે કેમ ભૂલી શકું? એટલે જ હું શાન્તિથી બોલતો હતો, તમે ગુસ્સામાં મારું કશું જ સાંભળવા તૈયાર નહોતા તે હું સમજી શકતો હતો. પેલી વિદ્યાર્થિની તમારી ચિઠ્ઠી લાવી, ત્યારે વાંચીને સ્વસ્થ રીતે તેને મેં કહ્યું હોત કે તું કોલેજની વિદ્યાર્થિની છે. નિયમો જાણે છે, લાગવગ અહીં ચાલતી નથી તે પણ તું જાણે છે છતાં પણ આવી ચિઠ્ઠી લવાય? હું કાંઈ જ કરી નહી શકું તેમ મારે કહેવું જોઈતું હતું. તેને બદલે મેં મારો ગુસ્સો ચિઠ્ઠી ઉપર ઠાલવ્યો અને તેને કચરાપેટીમાં નાખી! એ ભૂલ સમજાઈ, પણ તે વિદ્યાર્થિની તો જતી રહી હતી, પછી તમારા ગુસ્સાથી મેં પણ એવો સામો જવાબ આપ્યો હોત કે મેં ભૂલ નથી કરી છતાં મારી વાત તમે સાંભળતા નથી એટલે થાય તેમ કરી લેજો, મારે તમારી સાથે વાત કરવી નથી, તો તમે સાચી વસ્તુ જાણ્યા પછી પણ ક્ષમા માગત ખરા? તમે તમારો ગુસ્સો ટેલિફોન રિસીવર ઉપર ઠાલવ્યો તેનો અવાજ મને મારા રિસીવરમાં સંભળાયો હતો. એટલે ક્રોધને બદલે મેં અને પછી તમે શાન્તિથી વાત કરી હોત તો કેવું સારું!'

પછી તો એ સજ્જન મારા પ્રત્યે વિશેષ સદ્ભાવ રાખતા થયા. કાંઈક મુશ્કેલી હોય તો મારી સલાહ આદરપૂર્વક લેતા. આ રીતે અમારો સ્નેહસંબંધ સંધાયો.

આ પ્રસંગ પછી હું ગુસ્સે થતો નથી, એવું તેમાંથી શીખીને મારું વર્તન શુદ્ધ કર્યું છે, એવું કહી શક્યો હોત તો કેવું સારું! જાણવું એ એક વસ્તુ છે, આચરણ કરવું બીજી-તે પ્રમાણે આચરણ કરીએ તો જ સદાચારી થઈ શકાય. જૈન ધર્મમાં પર્યુષણને અંતે ક્ષમાપના દિને મિચ્છામિ દુક્કડમ્ આપણે સદાચારપ્રેરક ભાવનાથી કહીએ અને વર્તન કરીએ તે કેવું મહાન આનંદજનક સત્ય છે! હું જૈન ન હોવા છતાં ક્ષમાપનાની ભાવનાનું રહસ્ય સમજ્યો છું તે હું કદી ભૂલી શકું તેમ નથી.

અલબત્ત, આનો વિચાર કરું છું ત્યારે આવું મર્મદર્શક વચન ગીતામાં અર્જુનને શ્રીકૃષ્ણે કહ્યું છે તેનું ગુંજન સાંભળું છું. કામ, ક્રોધ તથા લોભ, નરકદ્વાર આ ત્રણઃ કરતા આત્મનો ઘાત, તેથી તે ત્યજવાં ત્રણે.

## જૈન જાગૃતિ સેન્ટરના નવા સેન્ટરો ખોલવા બાબત...

**ભારતભરના તથા પરદેશમાં વસતા સમગ્ર જૈનોને એક છત્ર નીચે લાવી જૈનોનો સામાજીક તથા રાજકીય ક્ષેત્રે અવાજ બુલંદ બનાવવા જૈન જાગૃતિ સેન્ટરની નેમને વધુ સફળ બનાવવા આપણા ધ્યાનમાં કોઈ એવું ક્ષેત્ર હોય જ્યાં જૈનોની વસતી સારા પ્રમાણમાં હોય અને ત્યાં જૈન જાગૃતિનું કોઈ પણ સેન્ટર ન હોય તો આપને વિનંતી છે કે આપ ત્યાં સેન્ટર ખોલવા પ્રયત્ન કરો અને તે વિષે જૈન જાગૃતિ સેન્ટરની ઑફિસે જાણ કરો.**

**સંપર્કઃ ૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.**
**ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬**

**લિ. સેક્રેટરી જનરલ**
**જૈન જાગૃતિ સેન્ટર, સેન્ટ્રલ બોર્ડ**

# રાઝ કો રાઝ હી રહેને દો

✦ ડો. શરદ ઠાકર

સત્ય ઘટના છે, પણ માનવમાં ન આવે તેવી છે. આશરે પચ્ચીસ-ત્રીસ વર્ષ પહેલાંની વાત. સૌરાષ્ટ્રના એક નાનકડા ગામડામાં રાત્રે સાડા બાર વાગ્યે બહારગામથી મહેમાન તરીકે એક કુટુંબ પધાર્યું. મુસ્લિમ પરિવાર હતો. આદમી, ઔરત અને બે બચ્ચાં. અધૂરું સરનામું હતું. શેરીની ખબર હતી, મકાન વિશે માહિતી ન હતી. એક ખડકીમાં બંધ કમાડ વચ્ચેની તિરાડમાંથી બલ્બનો પ્રકાશ આવતો ભાળીને આદમીએ સાંકળ ખખડાવી. બારણાં ખૂલ્યાં, મહેમાન શરમના માર્યા 'પાણી-પાણી' થઇ ગયા કારણ કે બારણું ઊઘાડનાર સદગૃહસ્થ હિંદુ હતા.

'માફ કિજિયેગા, ભાઇસા'બ! ઇતની રાત ગયે આપકો...'

'કાંઈ વાંધો નહીં, ભાઈ! ઘર લઈને બેઠા છીએ તો મે'માન ગમે તે સમયે આવી ચડે. બોલો ને! કોનું ઘર શોધો છો?'

'હુસેનભાઈ કા મકાન ઢૂંઢતે હૈ, ભાઈ!'

'આવો ને! અંદર ઘરમાં પધારો...'

મુસ્લિમ બિરાદર ઉર્દૂ જબાનમાં વાત કરતા હતા, હિંદુ ગૃહસ્થ તળપદી કાઠિયાવાડીમાં. આ જ તો સૌરાષ્ટ્રની ધરતીની ખુશબૂ છે. આજે પણ સૌરાષ્ટ્ર કોમી આગની આંચથી હજારો માઈલ દૂર રહીને જીવે છે. મહેમાનના મનમાં એમ કે યજમાન એમને હુસૈનભાઈનું સરનામું સમજાવવા માટે ઘરમાં બોલાવે છે, પણ અંદર ગયા પછી જાણવા મળ્યું કે કારણ સાવ જૂદું જ છે.

ચારેય જણાંને પાણી આપ્યા પછી યજમાને ફોડ પાડ્યો, 'હુસૈનભાઈનું ઘર આ સામે દેખાય છે ઈ જ છે. પણ હું તમને અટાણે ન્યાં જાવા નંઈ દઉં.'

'ક્યોં?'

'એટલા માટે કે હુસૈનભાઈ મારા સાખ પડોશી છે. મારા સગા ભાઈ જેવા છે. આખો દી' આઈસ્ક્રીમની દુકાન ચલાવ્યા પછી થાક્યા-પાક્યા ઘરે આવે છે, વહેલાસર જમીને પથારીભેગા થઈ જવાની એમને આદત છે. અમીનાભાભી પણ અટાણે નસકોરાં બોલાવતાં હશે. એમને કાચી નીંદરમાંથી જગાડાય નહીં.'

'અરે, લેકિન હમ... ઈતની રાત ગયે... કહાં?'

'કેમ આવું બોલો છો, ભાઈ? અમે કંઈ મરી ગયા છીએ આજની રાત તમે મારા મે'માન! સવાર પડે એટલે હામા બારણે હાલ્યા જાજો!' પછી ઘરમાલિકે ઘરવાળી તરફ જોઈને આદેશ આપ્યો, 'અરુણા, મે'માન માટે ફટાફટ રોટલા-શાક બનાવી આપ. ત્યાં હુધીમાં હું ખાટલા પાથરું છું.'

મહેમાન અમદાવાદથી આવતા હતા. ગોધરાકાંડની આંચ અનુભવવાને હજુ ઘણાં વર્ષોની વાર હતી, પણ 'દ્લની હોળીથી અમદાવાદીઓ દાઝી ચૂકેલા હતા. એ તો આ હિંદુ-મુસલમાનનો ભાઈચારો જોઈને દંગ જ રહી ગયા. બીજા દિવસે સવારે હુસૈનભાઈએ વાટકીવહેવાર સાચવ્યો. બપોરના ભોજન વખતે સામે બારણે કહેવડાવી દીધું, 'અરુણાભાભી, હિંમતભાઈ દુકાનેથી આવે એટલે બેય જણાં અમારે ઘરે આવી પૂગજો. આજે રોટલા અમારી ભેળા બેસીને ખાવાના છે.'

હિંમતભાઈની કરિયાણાની દુકાન હતી. હુસૈનભાઈને ઠંડાપીણાં અને આઈસ્ક્રીમનું પાર્લર હતું. બંને જણા કરોડપતિ ભલે નહોતા, પણ ખાધે પીધે સુખી હતા. ચારેય જણાં વચ્ચે લાગણીનો સમંદર લહેરાતો હતો. દુઃખ હતું તો એક જ હતું એ પણ એકસરખું હતું. બેઉ ઘરમાં સંતાન ન હતું.

'હિંમતભાઈ, વિચાર થાય છે કે એક વાર હું અને અમીના અજમેર શરીફ જઈ આવીએ. ખ્વાજાની દરગાહ પર ચાદર ચડાવીને મન્નત માગતા આવીએ કે માલિક તમારા ઘરમાં ઔલાદ આપે!' સમી સાંજે તસબીના મણકા ફેરવતા હુસૈનભાઈના મુખેથી મનની મુરાદ સરી પડતી હતી. તરત જ અરુણાબહેન બોલી પડતાં, 'લે કર વાત! અમે હમણાં બે'દી પહેલાં સતાધાર ગ્યાં'તાં, ત્યારે આ તમારા ભાઈએ આપા ગીગાની હામે ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરી'તી કે હે આપા ગીગા! જો તમારામાં સત હોય તો મારી અમીનાભાભીની ગોદ ભરી દે!' કેવું કે'વાય નહીં? આવું જ અચરજ કદાચ આપા ગીગાના અને ખ્વાજાસાહેબના મનમાંયે ઊગ્યું હશે કે આ કૌમી વેરઝેરથી ભડકે બળતા હિંદુસ્તાનમાં આવા બે ભોળિયાઓ પણ વસે છે જેઓ એકબીજાના જીવ લેવાની દાનત રાખવાના બદલે એકબીજાનો વંશવેલો વિસ્તરે એવી દુવા-બંદગી કરી રહ્યા છે!

આવા નેકદિલ ઈન્સાનોની વિનંતી ઠુકરાવવા જેટલી હિંમત તો ઓલિયા-ફકીરો કે સંતો પણ ન કરી શકે. અમીનાબેન અને અરુણાબેન બંને એક જ મહિને એકસાથે ગર્ભવતી બન્યાં. બેય ઘરોમાં ઈદ અને દિવાળી એક સાથે ઊતરી હોય એવી ખુશી પથરાઈ ગઈ. દિવસો વીતતા વાર ન લાગી. એક દિવસ ઢળતી સાંજે અમીનાને પ્રસવપીડા ઊપડી. અરુણા એને લઈને સરકારી દવાખાને જઈ પહોંચી. ફરજ પર ફક્ત એક નર્સ હતી. બે આયાઓ હતી. સમાચાર મળ્યા એટલે હુસૈનભાઈ અને હિંમતભાઈ પણ

પહોંચી ગયા. ચાર-પાંચ કલાકની દોડધામના કારણે અરુણાને પણ વેણ ઊપડવી શરૂ થઈ ગઈ. એક જ ઓરડામાં બાજુ-બાજુના ખાટલાઓમાં બંને પ્રસૂતાઓને સુવાડવામાં આવી. રાત્રિના લગભગ અઢી વાગ્યા હશે. બંને મિત્રો ચિંતાતુર બનીને દવાખાનાની ઓસરીમાં આંટા મારતા હતા. અચાનક એમના કાન ચમક્યા. નવજાત શિશુનાં રુદનથી વાતાવરણ ગુંજી ઊઠ્યું. પાંચેક મિનિટ માંડ થઈ હશે ત્યાં એ 'સોલો' ગીત 'ડ્યુએટ' બની ગયું. બંને મિત્રો ભેટી પડ્યા : 'યા અલ્લાહ! કેવો તારો ચમત્કાર! બંનેનાં ઘરમાં ખુશાલી પણ એક સાથે જ...' ત્યાં જ નર્સ બહાર આવી. એનું મોં કરમાયેલું હતું. 'બહેન, શું થયું ? અમીનાભાભી અને મારી અરુણાની તબિયત સારી તો છે ને ?' હિંમતભાઈ પૂછી રહ્યા.

'અને જલદી જણાવી દો કે કોને શું આવ્યું છે! હુસૈનમિયાં પણ પૂછી રહ્યા. નર્સના હોઠ કંપતા હતા, 'હિંમતભાઈ! હુસૈનમિયાં! મને ખબર નથી પડી રહી કે હું તમને શું કહું? વાત એમ છે કે બેમાંથી એક પેશન્ટે મૃત શિશુને જન્મ આપ્યો છે અને...'' બંને પુરુષો થીજી ગયા. આ શું થઈ ગયું ? ભગવાને કોની ઉમ્મીદો ઉપર પાણી ફેરવી દીધું ? હવે જીવાશે કેવી રીતે ? એક ઘરમાં સંતાનના આગમનની ઊજવણી અને સામેના ઘરમાં બાળમરણની ગમગીની. અચાનક હુસૈનમિયાંને ભાન થયું કે નર્સે પોતાની વાત અધૂરી રાખી હતી. એમણે પ્રશ્ન ફેંક્યો: 'અને... ?' 'અને બીજી પેશન્ટે બે જોડકાં બાળકોને જન્મ આપ્યો છે. જે મરી ગઈ તે દીકરી છે અને જે જીવે છે તે દીકરાઓ છે.'

'ત્યારે બહેન, એ પણ કહી દે કે કોના ભાગ્યમાં કાંટા આવ્યા છે અને કોના બાગમાં એક સાથે બબ્બે ફૂલો ખીલ્યાં છે' હિંમતભાઈના બોલવામાં હતાશા હતી. નર્સ પોતાનું મોં ખોલવા જતી હતી, ત્યાં જ હુસૈનભાઈના દિમાગમાં ચમકારો થયો, 'સબૂર! બહેન! હમણાં કંઈ બોલીશ નહીં. ભાઈ, હિંમતભાઈ! મને એક વિચાર આવ્યો છે.'

'શું ? કહી નાખો ને, ભાઈ!'

'હિંમતભાઈ, હું કે તમે એ જાણતાં નથી કે કોનું બાળક મરી ગયું છે અને કોના દીકરાઓ જીવતા જન્મ્યા છે. જાણે છે એક ઉપરવાળો અને બીજી આ નર્સ.'

'હા, તો ?'

'તો શું ? આપણામાંથી એક રડશે અને બીજો એ જોઈ રહેશે ? એના કરતાં એવું કેમ ન કરીએ કે આપણે બેઉ હસીએ ?'

'એ કેવી રીતે બને ?'

'બને! જો આ સિસ્ટર આપણી વાત માને.' હુસૈનમિયાં નર્સ તરફ ફર્યા, 'બહેન, તમે એ વાતને તમારા મનમાં જ છુપાવી રાખો કે આ દીકરાઓની જનેતા કોણ છે. અરુણાભાભી અને અમીના તો અત્યારે અર્ધબેભાન હાલતમાં પડેલાં હશે. તમે બંને બાળકોને નવડાવવા માટે લઈ જાવ અને પાછા લાવીને એક-એક દીકરો બંનેની ગોદમાં મૂકી દેજો. અમને પણ ન જણાવતા કે...'

'એવું તે કેવી રીતે કરાય ? કાયદાની નજરે...'

'કાયદાની નજરે ભલે આ ગુનો ગણાય, પણ જીવનમાં કાયદો હંમેશાં ફાયદો નથી આપતો હોતો; ક્યારેક જન્મદાતા મા-બાપ રાજીખુશીથી પોતાનું બાળક બીજાને દત્તક સંતાન તરીકે નથી આપી દેતાં! તમે એવું જ માનજો અમે પણ એવું જ કર્યું છે. જો અમને ચાર જણાંને જીવનભરની ખુશી મળતી હોય તો એમાં તમને શું વાંધો છે ?' બંને મિત્રોએ ઘણીબધી સમજાવટ પછી નર્સને મનાવી લીધી. એને સારી એવી નગદ બક્ષિસ આપી દીધી. નર્સે આયાઓને બહારના કામમાં રોકી રાખી. અંદરની વ્યવસ્થા પોતે પતાવી લીધી. પ્રસુતિની અસહ્ય પીડામાંથી પરવારેલી અરુણા અને અમીના થાકી-પાકીને ખાટલામાં આંખો બંધ કરીને પડેલી હતી. ત્યાં થોડી વાર પછી પડખામાં એક એક રડતું પુષ્પ 'સાંભળીને' જાગી ગઈ. બંનેની આંખોમાંથી આંસુઓ ફૂટ્યાં તે પણ એકસાથે અને બંનેના હોઠ મલકી ઊઠ્યા તે પણ એક સાથે.

આ ઘટનાની ઉપર બીજાં પચ્ચીસ વર્ષના થર ચડી ગયા. એ પેંડાની વહેંચણી અને આઈસ્ક્રીમની જયાફતો ભુલાઈ ગઈ. હવે એનાથીયે વધુ મોટી મિજબાની આપવાનો અવસર આવ્યો હતો. બંને દીકરાઓનાં લગ્નો એક જ દિવસે લેવાયાં. 'બારાત' અને 'જાન' લઈ જવાના કારણથી લગ્નમાં તો બંને પરિવારો સાથે હાજરી ન આપી શક્યા પણ બીજે દિવસે બંને નવયુગલો માટેનું રિસેપ્શન એક જ પાર્ટી પ્લોટમાં યોજવાનું નક્કી કરવામાં આવ્યું.

બે વરરાજાઓ હતા, બે નવોઢાઓ હતી અને ચાર વડીલો પણ મંચ પર ઊભાં હતાં. આમંત્રિતો આવી-આવીને શુભેચ્છા આપી જતા હતા. ત્યાં અચાનક એક વૃદ્ધા મંચ પર આવી અને અભિનંદન આપી રહી. કોઈ એને ઓળખી ન શક્યું. છેવટે એણે જ ખુદનો પરિચય આપવો પડ્યો, 'હું એ જ નર્સ છું જેના હાથે આ બંને વરરાજાઓનો જન્મ...' હુસૈનમિયાં અને અમીનાબીબી તાજુબ થઈ ગયાં. હિંમતભાઈ અને અરુણાબહેન ભાવવિભોર બની ગયાં. સિસ્ટરે મજાકમાં પૂછી લીધું 'હવે હું ભેદ ખોલી દઉં કે આ બંને દીકરાઓની સાચી જનેતા કોણ છે ?' હુસૈનભાઈ અને હિંમતભાઈ એક સ્વરમાં બોલી ઊઠ્યા, 'ના, સિસ્ટર! અમારે એ જાણવું જ નથી. રાઝ કો રાઝ હી રહને દો! રિશ્તોં કા નામ ન દો!'

# શબ્દનો ચમત્કાર

■ હરિન્દ્ર દવે

ઈસુ ખ્રિસ્ત પાસે એક ભક્ત આવ્યો. આવતા વેંત ઈસુના પગ પકડી લીધા.

'ભગવાન, તમારા ચહેરા પર શાંતિ છે એ મને આપો.'

ઈસુએ હસીને કહ્યું: 'લઈ લે.'

પેલો ભક્ત મુંઝાઈને જોઈ રહ્યો: 'એમ નહીં, તમે મને એ શાંતિ આપો.'

ઈસુના ચહેરા પર એ જ સ્મિત હતું. તેમણે ફરી કહ્યું: 'જો, આ મારો ઝભ્ભો, આ મારું પાત્ર તારે જે જોઈતું હોય તે લે. તને મારા ચહેરાની શાંતિ દેખાતી હોય તો એ પણ લઈ લે. મારે શું કરવી છે એને ? એ જ્યાં દેખાય ત્યાંથી લઈ લે. હું ના નહીં પાડું.'

'ભગવાન, મને મુંઝવો નહીં. હું આ ગામનો સૌથી શ્રીમંત માણસ છું. તમે કહેશો એ આપીશ. મારો બધો ખજાનો આપી દઈશ. મને લેતાં આવડે એ તો છીનવીને લઈ લઉં છું, પણ તમારા ચહેરા પરની શાંતિ છીનવી શકતો નથી. એ તો તમારે જ આપવી પડશે. તમે કહો એ કિંમત આપીશ.'

'તારી પાસે આટલા બધા પૈસા છે ?'

'હા.'.

'તો એક કામ કર.'

'આજ્ઞા કરો.'

'તારી માને લઈને આવ.'

'મારી મા તો મૃત્યુ પામી છે.'

'એથી શું થયું ? તું તો ધનિક છે. તું પૈસા આપીને ખરીદી શકે છે. શાંતિ ખરીદવા નીકળ્યો છે તો એક મા નહીં ખરીદી શકે ?'

'હા, એય ખરું.' પેલા ધનિકે વિચાર્યું, એ એક વૃદ્ધા પાસે ગયો: 'માજી, તમે માગો એટલા પૈસા આપું. તમે મારી મા બનો.'

'બેટા, તું આ ગરીબ ડોસીને પૈસા આપીશ તો તારી ચાકરી કરીશ, તારો ખ્યાલ રાખીશ. મને જે આવડે એ રાંધી દઈશ. હા, મા કરે એ બધું જ કરીશ.'

ધનિક તો એ વૃદ્ધાને લઈ ઈસુ પાસે આવ્યો: 'લ્યો, આ મા લઈ આવ્યો.'

'વાહ! કેટલામાં ખરીદી ?'

'હજી એને પૈસા આપવાના બાકી છે, પણ મારું ધ્યાન રાખશે, હું કહીશ ત્યારે મને વહાલ પણ કરશે.'

'ભાઈ, તેં પૈસા આપીને આ વૃદ્ધા માટે દીકરો ખરીદયો છે, કારણ કે એ તારું ધ્યાન રાખશે, પણ તારા માટેની મા બહારથી કઈ રીતે આવશે ?'

પેલા ધનિકને સમજ ન પડી. 'ભગવાન, તમે કહો એ કરવા આ વૃદ્ધાને સમજાવીશ. એને હું મા કહીશ. એ મને દીકરો કહેશે. પછી શું ?

'ભાઈ, તને સમજ ન પડી. એ તને દીકરો કહેશે તો કદાચ એની નજરમાં સાચેસાચ દીકરો દેખાશે, પણ તું જ્યારે એને મા કહીશ, ત્યારે તેં પૈસા આપીને ખરીદેલી જણસ જ દેખાશે. તારી આંખ માને નહીં જુએ. તારી આંખ તારી સંપત્તિનો પડઘો જોયા કરશે. એ શક્ય છે કે આ વૃદ્ધાને દીકરો મળે, તને મા કઈ રીતે મળશે ? મા કંઈ વેચાતી મળતી નથી. આ સ્ત્રીમાં મા છે, પણ તારા પૈસાના અહંકારને કારણે તું કેવળ એને ખરીદી શકાય એવી ચીજ માને છે. મા તો કેવળ મા હોય છે.'

પેલો ધનિક ઈસુની સામે જોઈ રહ્યો. ઈસુએ પેલી વૃદ્ધાને કહ્યું: 'મા, આ માણસ તો સાવ કંગાળ છે. એ તો જૂઠું બોલીને તને અહીં લઈ આવ્યો છે. એ તને ફૂટી કોડીયે આપી શકે તેમ નથી. તું એની મા થઈને શું કરીશ ?'

'કંઈ નહીં બેટા, એણે મને પૈસા આપવાનું કહ્યું. હું એની ચાકરી કરીશ, એનું ધ્યાન રાખીશ. મને અનાથને મા કહેનારું કોણ છે ? દીકરો માત્ર પૈસા ન આપી શકે એટલા માટે એકવાર એને દીકરો કીધા પછી તેનાથી મોં ફેરવી લઉં ? ચાલ બેટા, હું બે ઘેર વાસણ માંજીને કમાઈ લાવીશ અને તને રોટલા ભેગો કરીશ.'

પેલા ધનિકની આંખના પડળ ઉઘડી ગયા. એ વૃદ્ધાને પગે લાગ્યો: 'મા, હું ખરેખર કંગાળ છું. તેં મને પ્રેમ આપ્યો. મને ન્યાલ કરી દીધો.'

ઈસુએ એ માણસને કહ્યું: 'હવે તારે મા ખરીદવાની જરૂર નથી. શાંતિ ખરીદવી છે ?'

ઈસુના ચહેરા સામે એ ધનિક બોલ્યો: 'ના, મને હવે શાંતિ પણ મળી ગઈ.' આ કથા ખરેખર બની છે કે કેમ એ ખબર નથી, પણ રોજબરોજ બનતી હોય છે. ખરેખરાં માતા-પુત્ર વચ્ચે પણ

બને છે. દીકરો છે એટલે મા એને વહાલ કરે છે. દીકરો કમાઈને લાવે છે, એટલા માટે નહીં, માનો પ્રેમ અતોનાત હોય છે. પુત્રના પ્રેમને સીમા હોય છે.

એકવાર એક મા-દીકરા વચ્ચે ઝઘડો થયો. દીકરાએ કહ્યું: 'તેં મને મોટો કર્યો, એ તારો ઉપકાર, પણ એમાં તેં જે કાંઈ કર્યું એ બધાનો બદલો હું ચુકવી દઈશ. બોલ, મારી પાછળ તે કેટલો ખર્ચ કર્યો ? કેટલાં મારા કપડાં પાછળ ખર્ચ્યા, કેટલા મારા જમવા પાછળ ખર્ચ્યા, કેટલા દવાદારૂમાં ગયા, બધું લખાવ, હું વ્યાજ સાથે તને ચૂકતે કરી દઈશ. લખાવ...'

'લખાવું તો ખરી, દીકરા, પણ ક્યાંથી લખાવું ?'

'કેમ ?' જન્મ્યો ત્યારથી. પહેલા દિવસથી.'

'પહેલા દિવસે તને મેં છાતીએ વળગાડીને દૂધ પાયું' તને ખોળામાં લઈ તારી સામે જોઈ હરખનાં આંસુ વહાવ્યાં હતાં, બોલ, એ દૂધ કેટલા રૂપિયે લિટર લખીશ ? અને એ આંસુનાં ટીપાંની ક્યા કમ્પ્યૂટર પર ગણતરી કરીશ અને પ્રત્યેક ટીપા માટે કેટલા સિક્કા આપીશ ?' પુત્રનો બધો જ રોષ ઉતરી ગયો. એણે માતાના ખભે માથું મૂકી દીધું અને ધ્રૂસકે ધ્રૂસકે રડતાં કહ્યું: 'મને માફ કર મા, મારાથી ગુસ્સામાં બોલાઈ ગયું.'

આપણે કલાકોના કલાકો જીવનની, વ્યવસાયની, ઈશ્વરની, અધ્યાત્મની વાતો કર્યા કરીએ છીએ. કોઈ ક્ષણે મા વિશે અનાયાસ વાત કરીએ ત્યારે એ પવિત્ર ઘડી આવે છે - માનો લય વાતચીતમાં ભળે ત્યારે એ વાત અમૃતત્વ પામે છે. મા શબ્દ ઉચ્ચારાય અને એક ઉજાસ પથરાય છે. માનો ખ્યાલ આવે કે ચિત્ત મંજાઈને ઝળાંઝળાં થઈ ઊઠે છે. ચમત્કારના અનુભવ માટે બહુ દૂર જવાની જરૂર નથી. 'મા' શબ્દ ઉચ્ચારીએ અને ચમત્કાર થાય છે. દુનિયાના એકેએક માણસના જીવનમાં આ ચમત્કાર બને છે. સર્જકો, કલાકારો, વૈજ્ઞાનિકો, રાજપુરુષો કે ચિંતકો આ ચમત્કારને પોતાની રીતે પામે છે. આ સૌ માની વાત કરે છે ત્યારે પોતાના બધા જ અંચળા ઉતારી દે છે. મા સત્યનો સૂર્ય છે. એની સામે ઉપરછલ્લું ઝાકળ ટકી રહેતું નથી. મા શબ્દ જ આવરણનાં બધાં પડ ઉખેળી નાખે છે. માનો વિચાર આપણને 'એક્સ-રે'ની માફક આરપાર જોઈ શકે છે. સમગ્રને બેનકાબ કરી દે છે.

મા શબ્દ કોઈ સર્જકના હૃદયમાં ઊગે ત્યારે રચાતો કંપ કાગળ પર અક્ષર પાડે છે. ત્યારે આ ચમત્કાર સ્થિરતા પામે છે. આ ચમત્કાર ક્યારેક શબ્દમાં સ્થિર થાય છે તો ક્યારેક રેખાઓમાં. કોઈ સંગીતકાર સુરાવલીમાં માની સ્મૃતિને મઢે તો એના અવાજમાં કે લયમાં પણ ચમત્કાર જોઈ શકાય છે. કોઈ નૃત્યકારને નૃત્યુની ક્ષણે માનું સ્મરણ થાય તો તેની ગતિમાં પણ ચમત્કાર જોઈ શકાય છે.

મા એટલે જન્મદાતા મા તો ખરી જ. પણ જેની આંખોમાં અમૃત દેખાય એ તમામ મા છે. મા પ્રત્યેક નારીમાં કોઈ અમૃતક્ષણે જાગી ઊઠે છે. મા કદી મરતી નથીઃ માનો દેહ ન હોય ત્યારે એનું વહાલ હવાના કણકણમાં વિખેરાઈને આલિંગન આપે છે. જેને પત્ર ન લખ્યો હોય છતાં જેની આંખોમાં લખવા ધારેલ પત્રનો પ્રેમાળ જવાબ વંચાય તે 'મા'.

---

## પાંદડું લીલું ને રંગ રાતો

**(રાગ : ભૈરવી)**

**- અવિનાશ વ્યાસ**

પાંદડું લીલું ને રંગ રાતો, (૨)
મારી મેંદીનો રંગ મદમાતો
ભૂલી રે પડી હું તો રંગના બજારમાં
લાગ્યો મને રંગ કેરો છાંટો. પાંદડું ૦
રેશમની કાયા તારી જાણે લજામણી,
લટંકતી લટ તો જાણે ભૂલ રે ભુલામણી.
રૂપને ઘેરીને બેઠો ઘૂંઘટનો છેડલો...
વાયરાની લ્હેરમાં લ્હેરાતો. પાંદડું ૦

રંગરસિયા, જરા આટલેથી અટકો,
દિલને લોભાવે તારા લોચનનો લટકો;
વારી વારી થાકી તોયે છેલ રે છબીલા
તું તો અણજાણે આંખમાં છુપાતો. પાંદડું ૦

છૂપી છૂપી કોણે મારું દિલડું દઝાડયું ?
છૂપી છૂપી કોણે મને ઘેલું રે લગાડયું ?
ક્યાં રે છુપાવું મારા દાઝેલા દિલને ?
હાય ! કાળજાની કોરે વાગ્યો કાંટો. પાંદડું ૦




## WE TURN YOUR EVENTS TO MOMENTS

- Car decoration
- Groom & Baraati Safa
- Bridal Doli / Palanquin
- Koli band for baraati
- Dhol & shenai
- Couple special entries
- Trousseau packing
- Lagna geet
- Dj / sangeet sandhya
- Mehendi, Nail art
- Wedding Photography & Cinematography
- Bridal Makeup & Hair styling
- Engagement ring platter
- & many more

:||अvasar||:®
**ALL ABOUT MARRIAGE**

Neelkanth Market, M G Road, Ghatkopar (E), Mumbai - 400 077.
Tel: 9821029055/9594049055 | avasar28@yahoo.com

*Get A Wide Range of Exclusive Wedding & Designer Sarees Collection!*



EVERY SAREE TELLS A STORY

Sukanya®
Exclusive Sarees

Moti Mahal, M G Road, Opp. Cama Lane, Ghatkopar (W), Mumbai - 400 086. Tel: 2512 8090 | 98200 00636

Right Frame for
Right Occasion




OPTICAL PALACE

Neelkanth Shopping Center, CAMA LANE CORNER,
Ghatkopar (W), Mumbai - 400 086.
Tel: 2512 9516 | opticalpalaceghatkopar@gmail.com

# JJC NAVI MUMBAI in association with JJC NERUL, PANVEL, VASHI & KUTCH YUVAK SANG in memory of Shri Jethalalbhai Khengar Morabia BLOOD DONATION CAMP




જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના ચેરમેન શ્રી સંજય બી. શાહ તથા જેજેસી ચેરિટેબલ ટ્રસ્ટ્રના વાઈસ ચેરમેન શ્રી રમેશભાઈ જે. મોરબિયા તથા નિલેશભાઈ ગાલા, જેજેસી નવી મુંબઈ, નેરુલ, પનવેલ, વાસી અને કચ્છ યુવક સંઘ દરેક પદાધિકારીઓની સાથે જેજેસી નવી મુંબઈના વાઈસ પ્રેસિડ્ન્ટ શ્રી જીતુભાઈ કામાણી બ્લડ ડોનેટ કરતાં તસવીરમાં દૃષ્ટિગોચર થાય છે.













advt.

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બૉર્ડ
જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બૉર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ
ના પદાધિકારીઓ વતી

# સર્વે જૈન ભાઈ બહેનો તથા આરાધક તપસ્વીઓને અંતઃકરણ પૂર્વક મિચ્છામી દુક્કડમ્



Sanjay B. Shah
Chairman

## JJC CENTRAL BOARD OFFICE BEARER

**Sanjay B. Shah** - Chairman

| | | | |
|---|---|---|---|
| Ramesh J. Morbia | P. Chairman | Anil G. Doshi | Secretary |
| Praful V. Kamdar | Vice Chairman | Vijay H. Mehta | Secretary |
| Pravin A. Shah | Vice Chairman | Sunil P. Shah | Deve. Secr. |
| Kishor S. Sheth | Secretary General | Rajesh C. Gandhi | Treasurer |
| Jayanti K. Chhadva | Secretary | Rajesh R. Bhansali | Treasurer |
| Uday D. Sanghvi | Secretary | Chandrakant F. Shah | Editor |

## JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST

**Jitendra S. Kothari** - Chairman



Jitendra S. Kothari
Chairman

| | | | |
|---|---|---|---|
| Kishor N. Shah | I.P. Chairman | Rajesh C. Gandhi | Trustee |
| Ramesh J. Morbia | Vice Chairman | Nitin M. Sanghavi | Trustee |
| Sanjay B. Shah | Vice Chairman | Jayanti K. Chhadva | Trustee |
| Praful V. Kamdar | Secretary | Rasik N. Kothari | Trustee |
| Amit D. Kothari | Secretary | Shailesh D. Shah | Trustee |
| Hasmukh K. Dedhia | Treasurer | Rajesh R. Bhansali | Trustee |
| Pravin G. Shah | Donor Trustee | Dharmesh S. Jain | Trustee |
| Kamlesh C. Shah | Donor Trustee | Rahul M. Timbadia | Trustee |
| Harshad J. Gandhi | Permanent Trustee | Chandrakant F. Shah | Trustee |
| Anil G. Doshi | Trustee | Dinesh V. Shah | Invitee |
| Kishor S. Sheth | Trustee | Kiran H. Shah | Invitee |


RAJENDRA AGARBATTIWALA'S
VISHAL
Beats
(EVENT ORGENISER)
SANGEET SANDHYA
DANDIYA RAAS
LAGNAGEET
INSTRUMENTAL
DIARO
HASHYA BAGICHO
PRATHNA SABHA
MATAJI NI PEHDI
DISNEY LAND
RECEPTION ENTRY
GHODI-BUGGY (CHARIOT)
SUFI-KAVALI
BIRTH DAY PARTY
SAFA
MARRIAGE BAND
OPEN DOLI(PALKHI)
SANJI SANGEET
GOLDEN-SILVER JUBILEE
THEAME DECORATION
AND MANY MORE
OUR PREMIUM CLIENT
JJC AMRUT NAGAR
JJC GOLDEN GARODIA
JJC MUMBAI
JJC PINKPANTHNAGAR
call us ; 98190 26737
SHOP NO 11,BPS PLAZA, DEVI DAYAL ROAD, NEAR BUS DEPO,
MULUND WEST.
advt

# જેજેસી-સેન્ટ્રલ બોર્ડ
# જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ
# ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા

## આયોજીત



# ૨૪મો સમુહલગ્નોત્સવ



## માગશર વદ ૧, રવિવાર, તા. ૨૩-૧૨-૨૦૧૮

**બોરીવલીમાં** નક્કી કરવામાં આવેલ છે.

વહેલા તે પહેલાના ધોરણે **૨૧ યુગલો**ને લેવામાં આવશે.

સમુહ લગ્ન માટે જેજેસી ઑફિસમાં સંપર્ક કરવા નમ્ર વિનંતી.
૨૦૧, માથારુ આર્કેડ, સુભાષ રોડ, વિલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭.
ટે. નં. ૬૫૭૨૬૬૩૬ ટેલિફૅક્સઃ ૬૬૯૭૩૦૩૮
Email: admin@jainjagruti.com • Website: www.jainjagruti.com

# સમુહ લગ્નના દાતાશ્રીઓ

**મુખ્ય દાતાઃ**
શ્રીમતી ચારુબેન જયરાજભાઈ દેવાણી
હસ્તેઃ શ્રી જયરાજભાઈ દેવાણી

**સજાવટ દાતાઃ**
માતુશ્રી ભાવનાબેન અરવિંદભાઈ ભેદા
હસ્તેઃ શ્રી મેહુલભાઈ ભેદા

**ભોજન દાતાઃ**
માતુશ્રી મનબાઈ ઉમરશી ભેદા
હસ્તેઃ શ્રી જયેન્દ્રભાઈ ભેદા

**કરિયાવર દાતાઃ**
માતુશ્રી હિરાબેન સેવંતીલાલ શાહ(ગોલવાલા)
હસ્તેઃ શ્રીમતી જયશ્રીબેન નિશીત શાહ
શ્રી હિરેનભાઈ ફોફરીયા

**અતિથિ વિશેષ**
માતુશ્રી સુનંદાબેન મહાસુખલાલ શાહ હઃ ધીરેન મહાસુખલાલ શાહ (મનિષા, પુજા, ચાંદની)

# ''જગતમાં જીતવા કરતાં જગતમાં જીવવું વધારે અગત્યનું છે''

■ કિરણ શાહ (Past Chairman)

જિંદગી સરસ છે, પણ સરળ નથી. જીવન એક પરીક્ષા છે. જીવન છે તો પ્રશ્નો છે. આપણું જીવન વિકસાવવા અને ટકાવવા વ્યવસ્થા હોય છે, પણ વ્યવસ્થા ખાતર આપણું જીવન નથી હોતું. આપણે જીવનની બધી જ સ્થૂળ ઘટનાઓથી પર થઈ જીવવાનું છે. મનુષ્યઅવતાર સ્વયં એક ઘટના છે. આપણે મનુષ્ય ન હોત તો આપણા આયુષ્યને કોઈ બીજી યોનિમાં આકાર મળ્યો હોત. આપણે જન્મથી માંડીને જીવીએ ત્યાં સુધી જેને આયુષ્ય કહીએ છીએ એ શાશ્વત કાળે આપણા માટે ફાળવેલો સમય છે. ક્યાં, કેમ જન્મવું એ આપણા હાથની વાત નથી, પણ એકવાર જન્મ્યા પછી કઈ રીતે જીવવું અને જગતને સત્કાર્યોરૂપે શણગારવું એ આપણા સંકલ્પ અને અધિકારની વાત છે. જીવનને અર્થપૂર્ણ બનાવવું જરૂરી છે. અર્થપૂર્ણતા એટલે જીવવાનું મન થાય એવી પરિસ્થિતિમાં જીવનનો આનંદ મેળવવો. કવિએ કહ્યું છે કે...

*''ઉકેલે છે ઘણા મહેનત કરીને અઘરી સમસ્યાઓ*
*ઘણા જોતા રહે છે જિંદગીભર હસ્તરેખાઓ''*

ઘણી વાર આપણે જીવન જીવતા શીખીએ તે પહેલાં મરી જઈએ છીએ. જીવનનો સૌથી વધુ સદુપયોગ કેમ થઈ શકે એ માણસ શીખી રહે તેટલા સમયમાં તો જીવનનો ઘણોખરો સમય વીતી ગયો હોય છે. માણસનો સમય પર અને જીવન પર ક્યારેય કાબૂ હોતો નથી.

જીવનમાં આપણે દોષદર્શી નહીં, પણ ગુણદર્શી બનવાનું છે, કારણકે આપણી મર્યાદાઓ માટે માતાને દોષ દઈને છૂટી જવાની ટેવ સદીઓથી ચાલી આવે છે. જીવન જટિલ નથી, પણ આપણે તેને જટિલ બનાવી દઈએ છીએ. જિંદગી એ બસ જીવન શોધવા માટેની લંબાતી પ્રતીક્ષા છે. જીવન એક ઉત્તમ ગ્રંથ છે, પણ જે વાંચી ન શકે તેને માટે સાવ નિરર્થક છે. લાંબું જીવવું હોય તો ધીરે જીવવું જોઈએ. આપણે એવા ઘણા લોકોને જાણીએ છીએ જેઓ કૅરમની કૂકરીની જેમ આખું જીવન દોડાદોડી કરે છે. તેઓને ખબર નથી કે તમે ગમે તે જીવન પસંદ કરો, તેની કિંમત તો તમારે ચૂકવવી જ પડે છે. પૂરી માત્રામાં જીવવું એ મૃત્યુથી બચવાનો સર્વોત્તમ ઉપાય છે, કારણકે મરણ પણ પ્રત્યેક પળ સાથે સમાધાન કરે છે ત્યારે તો આપણે જીવીએ છીએ.

જીવનમાં સુખી તેઓ છે જે સ્વપ્ના સેવે છે અને તે સાચાં પાડવાની કિંમત ચૂકવવા તત્પર છે. જોકે, માણસનાં શમણાં પર માણસનો કાબૂ હોતો નથી, પણ એક વાત નક્કી છે કે જે બેસી રહે છે તેનું નસીબ પણ બેસી રહે છે. જે સમયની ઈજ્જત કરે છે તે જીવનની ઈજ્જત કરે છે. સમય વેડફી નાખવો એ એક પ્રકારની આત્મહત્યા છે. કેટલાક લોકો Time Tableની બહાર જીવતા જ નથી. આપણે સમજવું પડશે જેટલું રૂટિન કમી તેટલું જીવન વિશેષ. જીવનમાં સુખ અને સંતોષની વ્યાખ્યા સહુની અલગઅલગ હોય છે. માણસ વધારે અપેક્ષા રાખે છે તેથી દુઃખી થાય છે કે અપેક્ષા મુજબ નથી થતું ત્યારે દુઃખી થાય છે!! દુઃખનો ખરો સંબંધ તો અપેક્ષાઓ પૂરી થાય તેમાં પડેલી અને નડેલી અડચણો સાથે છે.

દુનિયામાં બે પ્રકારના માણસો હોય છે. પ્રત્યેક દિવસને વધાવનારા અને પ્રત્યેક દિવસને વધેરનારા. આપણે પ્રત્યેક દિવસને વધાવનારા માણસ બનવાનું છે. એ માટે આપણે આપણા હૃદયને નફરતથી મુક્ત કરવાનું છે. જીવનની મસ્તીને મહોબ્બત કરવાની ટેવ પડે ત્યારે અડધા રોગ શરીરમાં પ્રવેશ કરવાની હિંમત જ નથી કરતા. આપણે જાણવું જરૂરી છે કે જીવનનાં ત્રણ પરમતત્ત્વો છેઃ પ્રેમ, ધર્મ અને જ્ઞાન અને તે સાથે જીવનમાં નૈતિકતા પણ આવશ્યક છે. નૈતિકતા માટે સહિષ્ણુ મન જરૂરી છે. તકલીફ એ છે કે પ્રત્યેક વ્યક્તિ પોતાના વિચારને ખરો માને છે અને પોતાના આગ્રહને હઠાગ્રહમાં ફેરવે છે.

આપણે "Human Being" અને "Being Human"નો ફરક સમજવાનો છે – માણસ હોવું એ એક વાત છે અને માણસ થવું એ બીજી વાત છે. તમે બાહ્ય ટાપટીપ ગમે તેટલી કરો, પણ જ્યાં સુધી ભીતરનું સૌંદર્ય અકબંધ ન હોય ત્યાં સુધી બધું જ નકામું અને એટલા માટે જ **Simplicity is the ultimate form of sophistication. A good life is a healthy mix of home and work**

and friends and fun. In life I would rather live with disappointment than regret. જે માણસ સો ટકા ડાહ્યો હોય તે જ દુઃખી જીવન ગાળે છે. જીવનમાં આપણે કોઈકને પરિસ્થિતિ સમજાવી શકીએ, પણ પછી શું કરવું એનો ફોડ નથી પાડી શકતા. પરિસ્થિતિ જાણ્યા પછી કેમ વર્તવું એ વ્યક્તિની મુનસફી પર હોય છે અને છેવટે તો બધો જ આધાર વ્યક્તિની વિવેકશક્તિ પર હોય છે. જીવનનું એક અંતિમ છે સ્વાભિમાન અને ખુમારી, તો બીજો અંતિમ છે માનહાનિ અને અવહેલના. સામાન્ય માનવીને સતત પજવતું હોય છે – ''લોકો શું કહેશે'' – ત્યારે ફિલ્મ ગીતની બે પંક્તિ યાદ રાખવીઃ ''કુછ તો લોગ કહેંગે... અને ''અચ્છોં કો બૂરા સાબિત કરના દુનિયા કી પુરાની આદત હૈ''. તમે સાચા છો એવી ખાતરી તમને હોય તો દુનિયા શું વિચારે છે તેની ચિંતા કરવાની જરૂર નથી. તમારે એટલું જ ધ્યાન રાખવાનું કે જો પરિસ્થિતિ સારી હોય તો ''ગ્રેટફૂલ'' રહેવું અને પરિસ્થિતિ ખરાબ હોય તો ''ગ્રેસફૂલ'' રહેવું. દરેક માણસે પોતાની જિંદગીની લડાઈ પોતે જ લડવાની હોય છે, પણ ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે કોઈ પણ લડાઈ અંતિમ હોતી નથી. તમારે જીવન જીવવાનું છે... ''દિલને હમ સે જો કહા હમને વૈસા હી કિયા''ની જેમ, આજ ''જીને કી તમન્ના હૈ''ની જેમ અને ''ચલતે ચલતે યુ હી કોઈ મિલ ગયા થા'' જેવું જીવન જીવવાનું છે. આજે જ નક્કી કરો કે ઈન લાઈફ "I will celebrate life not money", and until further notice "I will celebrate everything".

*આપણે પોતાનું જીવન ધન્ય થઈને જીવીએ!!*
*શાને માટે આપણે કોઈ અન્ય થઈને જીવીએ!!*

...અને અંતમાં સ્વિચ ઑન કરવા સદાય તત્પર એવા આદમીને સ્વિચ ઑફ કરવાની સમજ પડે અને સમય આવતા સમેટતા આવડે – એમાંથી મુક્ત થતાં આવડે એ ખરો માનવી અને એ ખરી જિંદગી.

Dedicated to
Few Sentimental Friends:
''જિંદગી યુ ભી ગુજર હી જાતી
ક્યોં તેરા રાહગુજર યાદ આયા.''
જીવન આમ પણ વીતી જાત, પણ આ તારો રસ્તો મને ક્યાંથી યાદ આવ્યો''.

# વીલમાં સ્થાવર કે જંગમ મિલકત ટ્રાન્સ્ફર કરવાના ફાયદા

**■ કિશોર એમ. શાહ (સૉલિસિટર)**

**■ વીલમાં કોઈ પણ સ્થાવર કે જંગમ એટલે કે મૂવેબલ અને ઈમમૂવેબલ પ્રૉપર્ટી ટ્રાન્સ્ફર કરવાના શું શું ફાયદા છે?**

❑ સૌથી પહેલાં તો તે સમજી લેવાની જરૂર છે કે ગિફ્ટ ટૅક્સ વીલને લાગુ જ નથી પડતો, એટલે કે કોઈ પણ મૂવેબલ કે ઈમમૂવેબલ પ્રૉપર્ટી સામાન્ય રીતે ટ્રાન્સ્ફર કરીએ તો તેનું એગ્રીમેન્ટ કરવું પડે છે, તેના પર સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે છે, તે દસ્તાવેજનું રજિસ્ટ્રેશન કરાવવું પડે છે, પરંતુ કોઈ પણ મૂવેબલ કે ઈમમૂવેબલ પ્રૉપર્ટી વીલમાં ગિફ્ટ મારફત મળે તો તેને ટ્રાન્સ્ફર બાય ઑપરેશન ઑફ લૉ કહેવાય છે અને તેના પર એટલે કે તે મૂવેબલ કે ઈમમૂવેબલ પ્રૉપર્ટી ટ્રાન્સ્ફર કરવા માટે કોઈ પણ જાતનું લખાણ નથી કરવું પડતું, એગ્રીમેન્ટનું રજિસ્ટ્રેશન નથી કરવું પડતું કે સ્ટૅમ્પ ડ્યૂટી નથી ભરવી પડતી. ધારો કે ઘરના કોઈ પણ સભ્યને રજિસ્ટર્ડ કૉ-ઑપ. સોસાયટીમાં ફ્લૅટ વેચે તો માર્કેટ વૅલ્યૂના પાંચ ટકા પ્રમાણે સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે છે, તેનું રજિસ્ટ્રેશન કરાવવું પડે છે, તેના પર શોર્ટ ટર્મ કે લોંગ ટર્મ પ્રમાણે કૅપિટલ ગેઈન ટૅક્સ ભરવો પડે છે અને એગ્રીમેન્ટ પ્રમાણે ફ્લૅટ ટ્રાન્સ્ફર કરો તો સોસાયટીને ટ્રાન્સ્ફર ચાર્જિસ પણ ભરવા પડે છે. ધારો કે કોઈ પણ માણસ તેની હયાતી દરમિયાન જ ગિફ્ટ ડીડથી તેની હયાતીમાં

તેના કાયદેસરના વારસદારને ફ્લૅટ ગિફ્ટમાં આપે તો હવે ગિફ્ટ ટૅક્સ જ એટલો બધો લાગે છે કે ફ્લૅટ લીધો હોય તેના કરતાં અનેક ગણી વધારે સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે છે.

■ **દરેક વીલમાં એક ડિસ્ક્રિનરી ટ્રસ્ટ થઈ શકે છે.**

❑ કોઈ પણ વ્યક્તિએ પોતાના કુટુંબના કોઈ પણ સભ્ય, જેની કદાચ ભવિષ્યમાં નાણાકીય સ્થિતિ સારી ન રહે તેવો મનમાં ડર હોય તો તેને માટે તેના વીલમાં તે છોકરા કે છોકરી માટે એક વીલમાં એક ડિસ્ક્રિનરી ટ્રસ્ટ કરી શકે છે. એક વસ્તુ ખાસ ધ્યાન રાખવાની જરૂર છે કે ડિસ્ક્રિનરી ટ્રસ્ટ ફક્ત વીલમાં જ થઈ શકે છે એટલે ડિસ્ક્રિનરી ટ્રસ્ટ કરવા માટે પણ વીલ કરવું જરૂરી છે. ડિસ્ક્રિનરી ટ્રસ્ટ અલગ નથી થઈ શકતું, ફક્ત વીલમાં જ થઈ શકે છે. ડિસ્ક્રિનરી ટ્રસ્ટનો મોટામાં મોટો ફાયદો એ છે કે ઈન્કમ ટૅક્સમાં એને (સેપરેટ) અલગ લીગલ એન્ટીટી ગણવામાં આવે છે. પહેલાં એક વીલમાં ઘણા ડિસ્ક્રિનરી ટ્રસ્ટ થઈ શકતાં હતાં, પણ હવે ફક્ત એક વીલમાં એક જ ડિસ્ક્રિનરી ટ્રસ્ટ થઈ શકે છે.

■ **વીલને લગતો બીજો એક મહત્ત્વનો કાયદો એમ છે કે હવે એક્ઝિક્યુટર બેનિફિશિયરી હોઈ શકે છે, પણ બેનિફિશિયરી તે વીલનો સાક્ષી એટલે કે એટેસ્ટિંગ વિટનેસ નથી થઈ શકતો.?**

❑ આનો અર્થ એમ થાય છે કે કોઈ પણ વીલમાં જે એક્ઝિક્યુટર હોય તેને વીલમાં કોઈ પણ જાતની મૂવેબલ કે ઈમમૂવેબલ પ્રૉપર્ટી ગિફ્ટમાં મળી શકે છે, પણ તે જ વીલમાં તે સાક્ષી તરીકે સહી નથી કરી શકતો, એટલે આ કાયદાને લીધે કોઈ પણ વ્યક્તિએ વીલ કર્યું હોય અને તેના એક્ઝિક્યુટરને વીલમાં ગિફ્ટ આપી શકે છે, પણ તે જ વીલમાં તેમની પાસે એટેસ્ટિંગ વિટનેસ એટલે કે સાક્ષી તરીકે નથી રાખી શકતો. વીલમાં કોઈ પણ પુરુષને એક્ઝિક્યુટર અને સ્ત્રીને એક્ઝિક્યુટ્રીક્ષ કહેવાય છે.

■ **વીલમાં કોઈ પણ સ્ત્રીને મૂવેબલ કે ઈમમૂવેબલ પ્રૉપર્ટી આપવામાં આવે તો તે તેની સંપૂર્ણ માલિકીની પ્રૉપર્ટી થઈ જાય છે.**

❑ કોઈ પણ વ્યક્તિએ તેના કુટુંબમાં તેની નાની છોકરી હોય કે જેની તબિયત સારી ન રહેતી હોય અને તેને પૈસાની ભવિષ્યમાં જરૂર પડવાની હોય કે તેના છોકરાની વિધવા સ્ત્રી હોય કે લગ્ન કરેલી છોકરી હોય, તેની નાણાકીય સ્થિતિ સારી ન હોય કે તેની પોતાની પત્ની હોય અને તેને વીલમાં કોઈ પણ જાતની ગિફ્ટ મળે તો તેની સ્વતંત્ર માલિકીની તે ગિફ્ટ થઈ જાય છે અને તે પૈસામાંથી તે ભવિષ્યમાં નિભાવી શકે છે. નવા હિન્દુ લૉ પ્રમાણે કોઈ પણ સ્ત્રીને વીલમાં ગિફ્ટ મળે તો તે તેની સ્વતંત્ર માલિકીની મૂડી થઈ જાય છે, એટલે જે પ્રૉપર્ટી વીલમાં મળી હોય તેનું પણ તે વીલ કરી શકે છે. હિન્દુ લૉના વારસાગતના કાયદા પ્રમાણે કોઈ પણ સ્ત્રીને ૧૯૫૬ પહેલાં ફક્ત લિમિટેડ ઈન્ટરેસ્ટ મળતો હતો, પરંતુ જ્યારથી નવો હિન્દુ લૉ ૧૯૫૬માં આવ્યો છે ત્યાર પછી કોઈ પણ સ્ત્રીને વીલમાં તેના પતિ તરફથી, તેનાં સાસુ તરફથી કે તેના સસરા તરફથી વીલમાં ગિફ્ટ મળે તો તે તેની ૧૦૦ ટકા માલિકીની ગણાય છે એટલે કે પહેલાં જે સ્ત્રીને લિમિટેડ ઈન્ટરેસ્ટ મળતો હતો તે નવા કાયદા પ્રમાણે સંપૂર્ણ ૧૦૦ ટકા માલિકી હક્ક મળે છે. નવો હિન્દુ લૉ ૧૭મી જૂન, ૧૯૫૬થી અમલમાં આવ્યો છે. કોઈ પણ સ્ત્રીને વીલમાં તેના કુટુંબના કોઈ પણ સભ્ય તરફથી ગિફ્ટ મળે તે તેનું સ્ત્રીધન થઈ જાય છે અને ત્યાર પછી તેની ઈચ્છા પ્રમાણે તે પ્રૉપર્ટી આપવી હોય તેને આપી શકે છે. વીલ કરવાનો બીજો એક મોટામાં મોટો ફાયદો એ છે કે કોઈ પણ વ્યક્તિ વીલ કરે તો તેની ઈચ્છા પ્રમાણે તેમનાં સગાં કે કાયદેસરના વારસદારોને જેટલું આપવું હોય તે શિડ્યુલ વનમાં જે દસ સગાંનાં નામ આપેલાં છે તેને ફરજિયાતરૂપે સરખેભાગે ગિફ્ટ આપવી જ પડે છે.

# दान का महत्व

## महापुरुषो की वाणी से

■ अनोखीलाल धोका (जैन) जेजेसी-अंकलेश्वर

पुराने जमाने की बात है, एक गाँव में एक सेठ रहते थे, उनका अच्छा व्यापार था, परन्तु सेठ बडे कन्जूस थे। दान देना उनके लिये बहुत कठिन था, किसी भी भिखारी को वे एक पैसा देने के लिये तैयार नहीं होते थे। एक बार उस सेठ के यहाँ, एक भिखारी आया, उसने ''अलख'' जगाई सेठ से कहने लगा - अल्लाह के नाम पर कुछ दे दे। भगवन के लिये कुछ दे। सेठ ने सर हिलाते हुये, स्पष्ट मनाकर दिया, कि यहाँ से तुझको एक भी पैसा मिलनेवाला नहीं है। भिखारी गिड-गिडाया पुनः कहने लगा, कुछ दे - पैसा दे - कपडा दै - रोटी दे दे, सेठ ने पुनः कहा, आगे जाओ, यहाँ कुछ भी नहीं मिलेगा, भिखारी कहने लगा कुछ तो दे, सेठ कहता है - कुछ नहीं मिलेगा। भिखारी जिद्दी था, कुछ तो लेकर ही जाऊँगा, खाली हाथ जाने वाला नहीं हूँ, यह कह कर उसने हठ पकड ली।

संसार में चार प्रकार के हठ बतायें है - ''राज हठ, बाल हठ, स्त्री हठ, और योगी हठ''। बस योगी ने हठ पकड ली थी, पर सेठ कुछ देने को तैयार नहीं था। सेठ बडा कन्जूस था ''चमडी जाय पर दमडी न जाय''। भिखारी माँगते-माँगते परेशान हो गया, पर सेठ ''टस का मस'' नहीं हुआ। अन्त में भिखारी ने सेठ से कहा, कुछ लिये बिना नहीं जाउँगा, एक काम कर तू जहाँ बैठा है, उस जगह से मुझे एक चपटी धुल लेकर दे। अब सेठ घबराने लगा, यह भिखारी चपटी धुल का, न जाने क्या करने वाला है। मुझ पर यह न जाने क्या जादू टोना करेगा, और मुझे परेशान कर देगा, फिर भी उसका मन भिखारी को, कुछ भी देने के लिये तैयार नहीं हुआ। अब सेठ करें तो क्या करे? उसे समझ में नहीं आ रहा था, आखिर सेठ ने भिखारी से पूछ ही लिया, तु इस मिट्टी का क्या करेगा? भिखारी ने उत्तर दिया, तुने जीवन में कभी दान देना सिखा ही नहीं, तेरा हाथ हमेशां माँगने के लिये तैयार रहता है। कभी तुने तेरे हाथ से किसी को कुछ दिया नहीं, तेरा हात कभी निचे की और हुआ नहीं, कम से कम तु धुल दे कर, अपना हाथ तो निचे की ओर, दान देने की मुद्रा में करेंगा। आज तु धुल दे रहा है, तो किन्तु आगे चलकर तु रुपया पैसा देना भी सिख जायेगा।

बन्धुओ संसार में रहकर हमें कुछ करना है, तो सब से पहले दान देना सीखना होगा। बिना दान दिये हम कुछ भी नहीं कर सकते है, धर्म आराधना का प्रथम सोपान दान है, सर्व प्रथम हमारे ह्रदय में ओरों के प्रति अनुकम्पा भाव आये, उसके दुःख में हम सहभागी बने, कुछ न कुछ यथा योग्य प्रति दिन दान अवश्य करें। दिन भर हम माँगने का ही कार्य करते रहते है, दिन में ज्यादा नहीं तो, एक बार अवश्य दान करें। कोई याचक आपके घर आये उसे खाली न जाने दे, अगर आपने उसे कुछ नहीं दिया तो, यह मत भूलो कि, वह खाली जाने वाला नहीं है। आपका पुण्य अवश्य लेकर चला जायेगा। हमे पुण्यों पार्जन करना है, तो दान देना जरुरी है, किन्तु हमने दान नहीं दिया तो हमारे पुण्य अवश्य कम हो जायेंगे।

**चिडियाँ चोंच भर ले गयी, नदी न घटियों नीर।**
**दान दिया धन ना घटे, कहे गये दास कबीर।।**

लक्ष्मी का उपयोग करने से लक्ष्मी बढती है, लक्ष्मी चंचल है, उसका सदुपयोग करें, सदुपयोग नहीं किया तो, हम इसके दास बनकर रह जायेंगे। हमारे पास आया हुआ धन कब कहाँ चला जायेगा, कुछ तय नहीं है, इसके पूर्व हमनें जो अपने हाथ से सुक्रत कर लिया, दान दे दिया, वह अपना हुआ। दान में सबसे बडा अन्न दान है, बस घर पर याचक आये, उसे खाना अवश्य दे, नहीं तो रोज कुत्ते को रोटी, गाय को रोटी देना, पक्षियों को दाना खिलाना आदि प्रयत्न करें। दान कितनी मात्रा में है, उसका महत्व नहीं है। किस प्रकार का है? हमारे भाव कैसे है? उसका

महत्व है। एक व्यक्ति साधारण परिवार से था, ड्राइविंग करता था। एक सेठ के यहाँ नोकरी करता था, परन्तु उसकी दान देने की भावना गजब की थी। जब वह नोकरी पर जाता तो, साथ में पक्षियों को खिलाने के लिये, थोडा अनाज एक रुमाल में बाँधकर अवश्य ले जाता था। गाडी जहाँ रुकती वहीं उसकी पहली प्रवृति होती, पक्षियों को अनाज खिलाने की, दाना डालने की, वह प्रेम से पक्षियों को दाना खिलाता, तिल और गुड साथ में रखता, कहीं पर चिंटी दिखती वहाँ गुड तिल्ली डालता, चींटी उसे खाने लग जाती।

इस तरह हम भी, दान देने की आदत बनायें, जीवन में हम दिन भर, माँगने का ही कार्य करते है, परन्तु प्रण कर ले, में सुबह अपने धन्धे रोजगार पर, पहुँचने के पहले किसी को, अवश्य कुछ न कुछ दान करुँ। हम अपनी कमाई में से कुछ, फिक्स रकम दान करने का मन बनायें, कई जगह मैने देखा है, व्यापारी जितना कमाते है, उसकी बेलेन्स सीट के अनुसार, अपनी आवक में से पाँच प्रतिशत या इसे भी अधिक दान खाते निकालते है। धर्मादा खाता रहता है, फिर जहाँ भी धर्मादा में पैसे भेजने होते है, वहाँ, उस खाते में से भेज दिये जाते है। दान कई प्रकार के होते है, हम अन्य जीवों के लिये किस तररह उपयोगी बन सकते है, सहयोगी बनने का प्रयास करें, हमारे पास जो भी है, उसमे से हम जितना दे सकें, उतना अवश्य देकर पुण्योपार्जन करें। यही पुण्य आगे चल कर हमें सुखी बनाने में सहायक होगा, और संसार के सारे सुख तो उपलब्ध करायेगा ही, साथ ही हम सम भाव में रहकर उस समय जागृत हो गये तो, यह पुण्य हमे मुक्ति के मार्ग पर चलने में, सहायक होगा। मुक्ति के मार्ग पर चलने वाली आत्मा, नियत समय के अन्दर अवश्य ही, सिद्ध लोग में पहूँच कर, अनन्त सुख में लीन हो जायेगी।

---

# યુરોપ-અમેરિકામાં વેજીટેરિયન પ્રચાર

✦ નાનજી ભગવાનજી, કોલ્હાપુર

અમેરિકામાં આજકાલ વેજીટેરિયન બનવાનો પ્રચાર મોટા પાયે ચાલે છે. અમેરિકાની સૌથી અગ્રગણ્ય અને વિશ્વનીય મનાતી ફિઝીશ્યન કમિટિ ફોર રીસ્પોન્સીબલ મેડિસીન સંસ્થાએ જ એવું પુરવાર કર્યું છે કે વેજીટેરિયન ફુડ (ખોરાક) માટે આપણા દેહની કુદરતી રચના થયેલી છે.

વેજીટેરિયન ખોરાક તન ઉપરાંત મનને પણ શાંત, સ્વસ્થ અને પ્રસન્ન રાખે છે. તેમાં પણ શરીરને ફીટ અને હળવું રાખવા માટે વેજીટેરિયન ખોરાક સિવાય કોઈ વિકલ્પ નથી.

ફાસ્ટફૂડ, ચિકન, બીફ, કોલેસ્ટ્રોલ તો વધારે જ, પણ કાયાને પણ મેદસ્વી બનાવે છે. કીડની, હાર્ટ, હોજરીના રોગો પણ નોનવેજ (માંસાહારી)ને જ આભારી છે. પશ્ચિમી જગત તો અત્યારે વેજીટેરિયન ખોરાક માત્ર શરીરની ફિટનેસ તેમ જ આરોગ્યની રીતે જ મૂલવે છે, પણ હિન્દુ શાસ્ત્રોમાં વેજીટેરિયન ખોરાક માનવીની વિચારવાની દિશાને સત્ત્વગુણોથી ભરી દે છે તેવો ઉલ્લેખ કરાયો છે.

જૈનધર્મમાં તો આધ્યાત્મિક અને શારીરિક પ્રગતિ માટે તમામ ધર્મો કરતાં વધારે ભાર મુકાયો છે.

અમેરિકા અને યુરોપમાં વેજીટેરિયનનો પ્રચાર કરતી વેબસાઈટો, મેગેઝિનો, કલબો વધતી જાય છે. જુદા જુદા ક્ષેત્રોની વસ્તીઓ વેજીટરિયન બની જાય છે અને તેનો પ્રચાર કરે છે. હોલિવુડના સ્ટારો, પોપ સિંગરો તેમાં મોખરે છે.

એલેકઝાંડર પોલ અને ઈયાન મરે બે વોચ નામની ભારે લોકપ્રિય ટી.વી. શ્રેણીના સ્ટાર છે. તેઓ વેજીટેરિયન બની ગયા છે. ફીજીશ્યન કમિટિ તેઓને લઈને વેજીટેરિયન બનવાની જાહેરાત બનાવે છે. એટલું જ નહીં તેઓ વેજીટેરિયન જ રહે તે માટે માર્ગદર્શન આપે છે. આ કલાકારો પ્રચાર કરે છે કે નોનવેજ (માંસાહારી) બની તમે તમારા બળકોને પણ જીનેટીકલી શારીરિક અને માનસિક રીતે રોગનો જન્મ આપતો વારસો આપો છો. હવે તો છોકરા-છોકરીઓના લગ્ન થશે તે પણ વેજમેચ છે કે નહિ તે જોવાનો આગ્રહ રાખવામાં આવે છે. અમેરિકા અને યુરોપમાં વેજીટેરિયન અને પ્રાણીની ક્રુરતાવિરોધી - આ બે મોરચે અત્યારે લાખો ડોલરનો પ્રચાર અભિયાન ચાલે છે.

# જીવનની બાર ધારાઓ

■ મહેન્દ્ર પુનાતર

**આ જગત અનિત્ય, અહીં કશું કાયમી નથી**

સંસારની પ્રત્યેક વસ્તુ વિનાશી છે, એક ને એક દિવસ તેનો નાશ થવાનો છે, જગત પરિવર્તનશીલ છે. બધું ચક્રની જેમ ઉપર-નીચે થયા કરે છે. કોઈ કાયમના માટે આ ધરતી પર રહી શક્યું નથી. આજે આપણું જે કાંઈ છે તે કાલે બીજાનું થવાનું છે. આ બધા પ્રત્યે મોહ અને આસક્તિ રાખવાનું વ્યર્થ છે.

જૈન ધર્મમાં બાર ભાવનાનું સવિશેષ મહત્ત્વ છે. ભાવ વિના ભક્તિ નહીં. અંતરમાં ભાવ ઊભો ન થાય તો જે પણ કાંઈ કરીએ તેનો અર્થ સરે નહીં. જીવન અને ધર્મને સમજવાની આ કળા છે. આ ભાવનાઓને વૈરાગ્યની જનની ગણવામાં આવી છે. તે જીવનમાં જેમજેમ દૃઢ થતી જાય તેમતેમ જન્મથી મૃત્યુ સુધીની યાત્રાનો ખરો અર્થ સમજાય છે અને જીવનની નશ્વરતાનો ખયાલ આવતો જાય છે. આ અંગેની સાચી સમજથી જીવનમાં પરિવર્તન ઊભું થાય છે. જ્યાં સુધી મોહ અને આસક્તિ છે ત્યાં સુધી દુન્યવી ચીજો પ્રત્યે આકર્ષણ ઊભું થતું રહેવાનું છે. આ ભાવનાઓના ચિંતનથી જીવન શુદ્ધ બને છે અને મોક્ષમાર્ગ તરફ જવાનો માર્ગ ખુલ્લો થાય છે. આ બાર ભાવનાઓ છે (૧) અનિત્ય (૨) અશરણ (૩) સંસાર (૪) એકત્વ (૫) અન્યત્વ (૬) અશુચિ (૭) આસ્રવ (૮) સંવર (૯) નિર્જરા (૧૦) લોક (૧૧) બોધિદુર્લભ અને (૧૨) ધર્મભાવના.

આપણે અહીં સર્વપ્રથમ અનિત્ય ભાવનાનો વિચાર કરીશું. અનિત્ય એટલે શું ? અનિત્ય એટલે જે ટકી શકે એવું નથી. જે કાયમી નથી. સંસારની પ્રત્યેક વસ્તુ વિનાશી છે. એક ને એક દિન તેનો નાશ થવાનો છે. અહીં કશું કાયમી નથી. જગત પરિવર્તનશીલ છે. બધું ચક્રની જેમ ઉપર-નીચે થયા કરે છે. અહીં અનેક રાજા, મહારાજાઓ, સમ્રાટો, સેનાપતિઓ આવ્યા અને ગયા. અનેક સંસ્કૃતિઓ, સલ્તનતો, રિયાસતો અને રજવાડાં આવ્યાં અને કાળની ગર્તમાં વિલીન થઈ ગયાં. કોઈ કાયમના માટે ધન, દોલત, સત્તા અને ઐશ્વર્ય ટકાવી શક્યું નથી.

આજે આપણું જે કાંઈ છે તે કાલે બીજાનું થવાનું છે. આ જીવનનું સત્ય છે. વસ્તુ હાથમાં રહેવાની નથી તો પછી તેનો મોહ શા માટે ? શરીર અને શરીર સાથે સંબંધ ધરાવતી બધી ચીજો અને વસ્તુઓ નાશ પામવાની છે. તેના પ્રત્યે આસક્તિ રાખવાથી છેવટે દુઃખ ઊભું થવાનું છે. જે ચીજ પ્રત્યે જેટલો મોહ ઊભો થશે તેટલું દુઃખ તેના ચાલ્યા જવાથી થશે. આ અંગેની પક્કડ પરેશાન કરશે. શરીર પણ ક્ષણભંગુર છે. તે જીર્ણ થશે અને અંતે નાશ પામશે, પરંતુ આ સીધી-સાદી વાત માણસના સમજવામાં આવતી નથી. પોતે કાયમના માટે આ પૃથ્વી પર રહેવાનો હોય એવી જંજાળ ઊભી કરે છે. સંચય કરતો રહે છે. ગમે તેટલું મળે તોપણ સંતોષ થતો નથી. કશું છૂટતું નથી. જીવન જેમ વીતતું જાય છે તેમ પરિગ્રહ વધતો જાય છે. ગમે તેટલું ભેગું કરીશું, તૃપ્તિ થવાની નથી. ઈચ્છાઓ અનંત છે. એક પરિપૂર્ણ થાય ત્યાં બીજી ઈચ્છાનો જન્મ થાય છે. ધન-દોલતમાં આળોટતા માણસોને પણ ઘણુંબધું ખૂટે છે. જીવન પૂર્ણતાના આરે આવે ત્યારે અપેક્ષાઓ વધતી જાય છે. માણસ બહુ દૂરનું વિચારે છે એટલે જે નજીકનું છે તે નજરમાં આવતું નથી અને ભોગવી શકાતું નથી. ભવિષ્યની ચિંતામાં હાથમાં રહેલું ઘણુંબધું ગુમાવી દેવાય છે.

જીવનમાં જે કાંઈ મળ્યું છે તેનો આનંદ માણવો જોઈએ અને આ અંગે સંતોષ થવો જોઈએ. જીવનમાં જે કાંઈ આવે તેનો સહર્ષ સ્વીકાર એ સુખ-દુઃખમાં સંતુલન ઊભું કરે છે. અનિત્ય ભાવનાનો બોધ એ છે કે ધન આવે, સંપત્તિ આવે, સત્તા આવે ત્યારે કોઈ પણ જાતનું અભિમાન રાખવું નહીં અને સમજવું કે આ બધું કાયમી નથી. એટલે તેનાથી જેટલું બીજાનું સારું થઈ શકે એટલું કરવું જોઈએ. આ જીવનની સાર્થકતા છે. જન્મ છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. મૃત્યુ આવવાનું છે, પણ ક્યારે આવવાનું છે તેની ખબર નથી. ગમે તેવો મહારથી હોય, ગમે તેટલું ધન અને વૈભવ હોય, પણ મૃત્યુ સામે કોઈનું કશું ચાલતું નથી. કશું સાથે આવવાનું નથી. કબીરે જેમ કહ્યું છે તેમ...

જગત હૈ રેનકા સપના, સમજ મન કોઈ નહીં અપના
કઠિન હૈ લોભકી ધારા, લહે સબ જાત સંસારા
ઘડા જ્યું નીરકા ફૂટા, પતા જ્યું ડાલસે તૂટા
એસી નર જાન જિંદગાની, સમજ મન ચેત અભિમાની

આ જગત સ્વપ્ન જેવું છે. આંખો ખૂલે અને સ્વપ્ન અદૃશ્ય થાય તેમ જીવન સંકેલાઈ જવાનું છે. ઘડો ફૂટે અને પાણી ઢોળાઈ

જાય, પાન સુકાઈ જાય અને ડાળી પરથી ખરી પડે પછી તેને મૂળ જગ્યાએ પાછું મૂકી શકાતું નથી. જિંદગી આવી છે. કાચના વાસણ જેવી. કોઈ ભરોસો નથી. આપણે વારાફરતી એકબીજાથી વિખૂટા પડવાના છીએ. આ બધા રાગ, દ્વેષ, પ્રપંચો, મારા-તારાના ઝઘડાઓનો કોઈ અર્થ નથી. માણસે મૃત્યુને નજર સમક્ષ રાખીને જીવનની પળેપળનો સદુપયોગ કરવો જોઈએ અને કોઈ પણ જાતનો અહંકાર મનમાં ન આવે તેનો ખયાલ કરવો જોઈએ.

મૃત્યુ સમયે મૃત્યુની પીડા હોતી નથી, પણ જિંદગીમાં જે કરવા જેવું હતું તે થઈ શક્યું નહીં, ઘણું બાકી રહી ગયું, તેની પીડા હોય છે. જેટલી મમત હશે એટલી પીડા વધુ થશે. સંસારમાં રહેવા છતાં અને બધું માણવા છતાં આ બધી વસ્તુઓથી જે નિર્લેપ રહી શકે છે તે સાચો સાધક છે. સંસારે આપણને બાંધ્યા નથી, આપણે ખુદ બંધાઈ ગયા છીએ. મોહમાયાનું આવરણ આમાંથી છટકવા દેતું નથી.

આપણને આવો મનુષ્યભવ મળ્યો છે તેનો સદુપયોગ થવો જોઈએ. જેને તનનું, મનનું અને ધનનું સુખ હોય તેમણે સત્કાર્યો માટે સમયની રાહ જોવાની જરૂર નથી. શરીર સશક્ત અને નિરોગી હોય, ઉત્સાહ અને ઉમંગ હોય, બળ અને સામર્થ્ય હોય ત્યાં સુધીમાં જીવનનો આનંદ માણી લેવો જોઈએ અને સત્કર્મોનું ભાથું બાંધી લેવું જોઈએ. દોષોને, કષાયોને, ખામીઓને, ઊણપોને દૂર કરતા રહેવું જોઈએ. દયા, પ્રેમ, ક્ષમા અને કરુણા એ જીવનના મંત્રો છે. મૈત્રી, ભાતૃભાવ, સહિષ્ણુતા, સહકાર જીવનને નવું બળ આપે છે. જીવનમાં ચેતના અને જાગૃતિ જરૂરી છે. મહાવીર ભગવાને હરપળે સાવધ રહેવા અને એક પળ પણ વ્યર્થ ન જવા દેવા બોધ આપ્યો છે.

જિંદગી ટૂંકી છે અને સમય ઓછો છે ત્યારે પ્રેમ અને આનંદને બદલે વેરઝેર, રાગ-દ્વેષ, ઈર્ષા, અદેખાઈ અને અસંતોષ રાખવામાં કોઈ ડહાપણ નથી. પ્રભુએ જે કાંઈ પણ આપ્યું છે તેમાં બની શકે તેટલું બીજાનું ભલું કરવું એ સાચો ધર્મ છે. સુખ-દુઃખ બધાને આવે છે. જીવેષણા છે ત્યાં સુધી આ બધી આપાધાપી ચાલુ રહેવાની છે. લાંબી જિંદગી મળ્યા પછી પણ કેટલાક ભોગવી શકતા નથી, કશું સાર્થક કરી શકતા નથી, જ્યારે કેટલાક સ્વામી વિવેકાનંદ અને શ્રીમદ્ રાજચંદ્ર જેવા પ્રજ્ઞ પુરુષોએ પોતાની ટૂંકી જિંદગીમાં જે કાંઈ કર્યું છે તે ચિરકાળ બની રહેશે. બાકી ગમે તેટલું જીવીએ તે વર્ષો ગણવાની વાત છે.

એક કથા છે. એક સમ્રાટનું મૃત્યુ નજીક આવ્યું. સો વર્ષનું આયુષ્ય પૂરું થયું, એટલે યમરાજ તેને તેડવા આવ્યા. ત્યારે સમ્રાટે કહ્યુંઃ જીવનમાં હજુ હું કશું ભોગવી શક્યો નથી. મારે ઘણાં સુખો ભોગવવાનાં બાકી છે અને ઘણું કરવાનું રહી ગયું છે. હું તમારી સાથે કેવી રીતે આવી શકું ? આટલું આયુષ્ય તો બહુ ટૂંકું પડે.

યમરાજાએ કહ્યુંઃ તારું આયુષ્ય પૂરું થઈ ગયું છે એટલે તારે મારી સાથે આવવું પડશે. સિવાય કે તારે બદલે બીજું કોઈ આવવા તૈયાર થાય. મારે કોઈને તો લઈને જવું જ પડશે. તારે બદલે તારો પુત્ર આવવા તૈયાર થાય તો તેનું આયુષ્ય તમને મળી શકે. સમ્રાટને ઘણી રાણીઓ હતી અને ઘણા પુત્રો હતા. કેટલાક પુત્રો તો ૭૦ની ઉંમરે પહોંચી ગયા હતા. સો વર્ષે બાપ મરવા તૈયાર ન થાય તો પુત્રો કેવી રીતે મરવા તૈયાર થાય, પણ સૌથી નાનો પુત્ર પિતા માટે બલિદાન આપવા તૈયાર થયો. યમરાજે તેને સમજાવ્યો કે તું શું કરી રહ્યો છે. તે તો કશું ભોગવ્યું જ નથી. તેણે કહ્યુંઃ સો વર્ષમાં પિતાજી કશું ભોગવી શક્યા નથી તો હું શું ભોગવી શકવાનો છું.

આમ સમ્રાટને તેનું આયુષ્ય મળી ગયું. જ્યારેજ્યારે યમરાજનો સમય થતો ત્યારે સમ્રાટ પોતાના કોઈ એક પુત્રની જિંદગી માગી લેતો હતો. હજાર વર્ષ પૂરાં થયાં. યમરાજ આવીને ઊભા રહ્યા ત્યારે તેણે પાછી એ જ વાત કરી કે હજુ ઘણું ભોગવવાનું બાકી છે.

યમરાજે કહ્યુંઃ હવે વધારે સમય નહીં મળે. એક હજાર વર્ષ પછી પણ તને એમ લાગે છે કે તું કશું ભોગવી શક્યો નથી. તો તને ગમે તેટલું આયુષ્ય મળશે તોપણ તને અધૂરું લાગશે. તારી ઈચ્છાઓનો કદી અંત આવવાનો નથી. થોડી જિંદગીમાં પણ માણસ ઘણું જીવી જાય છે. તારી જીવેષણા કદી પૂરી થવાની નથી. હવે તારે મારી સાથે આવ્યા વગર છૂટકો નથી.

જિંદગીમાં આપણને ગમે તેટલું મળે, તૃપ્તિ થતી નથી. આપણે હજારો વર્ષ અહીં રહેવાના હોઈએ તે રીતે બધી તૈયાર કરીએ છીએ, પરંતુ જે લાંબી યાત્રા પર જવાનું છે તેની કશી તૈયારી કરતા નથી. જીવનના અંત સુધી રાગ-દ્વેષ, માન, માયા, લોભ અને અહંકાર કશું છૂટતું નથી.

સંસારનાં આ બધાં સુખો ભ્રામક છે. બધું અનિત્ય છે. કશું લાંબો સમય ટકવાનું નથી. કશું સાથે આવવાનું નથી. આ વાત જો માણસને સાચા અર્થમાં સમજાય તો અનાસક્તિ ઊભી થાય અને મોક્ષમાર્ગે પ્રયાણનો માર્ગ ખૂલી જાય.

# વ્યક્તિત્વનો પાયો એટલે ઘર

■ જ્યોત્સના તન્ના

''તમારા પરિવારનું સરનામું સહિયારું
''દ્વારા'' થી ''દિલ'' સુધીનું સુંદર ને પ્યારું''

સ્મરણ અને વિસ્મરણ વચ્ચે સચવાયેલી યાદનું ઘર એટલે આપણા બાળપણનું ઘર અને એ જો ''વતન ઘર'' હોય તો તો પૂછવું જ શું ? દેશી નળિયામાંથી છાયેલું ઘર. મા તો જાણે આખાય ઘરમાં વ્યાપેલો સાક્ષાત્ ભેજ, ઘરને ઘેરી લેતી એના સાડલાની સોડમ હજીયે અખંડ છે. સંભારણામાં કાચી ભીંતો અને લીપાયેલા આંગણાવાળું એ ઘર, એક બાજુ ગાય ને બાંધવાની ગમાણ, તો બીજી જગ્યાએ મહેમાન માટે ઢાળેલો ઢોલીયો અને સવારે ચણવા આવતા પક્ષીઓ અને મુકાતું એમના પીવાના પાણીનું કુંડું, સિક્કા ઉપરથી ઉતરતું દહીં અને માટલીમાં વલોવાઈ થતું માખણ, ઘરના પાણિયારે જ્યારે મા માટલું ધોવે ત્યારે વેરાતું સંગીત અને ચકચકિત બેડાથી થતો વધારો, ઘરના રસોડામાં પ્રગટાયેલો ચુલો અને ટીપાતા રોટલાનો મ્યુઝિક અને આંગણામાં જ રમાતી ઘરઘરતાની રમત અને બોલતા મારે ઘેર અજવાળા રમવા આવ્યા. સાથે ચંદ્ર-સુરજને લાવ્યા અને આજે પણ ગુજરાતી કાવ્ય બહુ જ પ્રચલિત છે. ''હે જી તારા આંગણીયા પુછીને કોઈ આવે તો જાણે ''કલ્બ હાઉસ''ની ગરજ સારતા અને બધા સાથે મળી ગપ્પા ગોષ્ટી કરતા. આવી તો કેટલીયે વાતો છે. વતનના ઘરની ''આંગણું દે આવકારું એવું ઘર મને ગમે, બારણું બોલે પધારો એવું ઘર મને ગમે.''

બાળપણમાં બધાથી વધારે ગમતું ''મામાનું ઘર'' કહેવાતું મામાનું ઘર કેટલે દિવા બળે એટલે. રજાઓના દિવસોમાં બધા બાળકો એક ઘરે ભેગા થાય. મામા, માસી, ફુઈ, કાકા વગેરેના બાળકો હોય અને એ રમે પણ ખરા અને ઝઘડે પણ ખરા પરંતુ એ જે આત્મિયતા બંધાય એ જીવન પર્યંત અકબંધ રહે છે, પરંતુ હવે એ વેકેશનમાં મામાના ઘરનું સ્થાન 'સમર કેમ્પ' અને 'વેકેશન બેચો' એ લીધું છે અને કઝિન બદલે મિત્રોના ટોળા વધે છે.

હવે વાત કરવી છે. ''એક જ ઘરમાં અનેક ઘર જેમાં પરિવારના દરેક સભ્ય એક છત નીચે અલગ જિંદગી જીવે છે હવે તો કુટુંબના દરેક સભ્યની પોતાની અલગ દુનિયા અને અલગ મસ્તી હોય છે આ બધું છે એના એકલાના. પોતાના સ્વતંત્ર શયનખંડમાં. આપણા શહેરી કુટુંબોમાં મોભી કે વડીલો જેવું કાંઈ બચ્યું નથી. દરેક જણ પોતાને મોભી માને છે. પહેલા આપણે કહેતા વડીલો ઘરના તાળા કહેવાય અને એ ઘરમાં હોય એટલે ચાવી લેવાની જરૂર નહીં, પરંતુ હવે તો નાનું હોય કે મોટું, દિવસ આવે કે રાત્રે બધા પાસે મેન ડોરની પર્સનલ ચાવી હોય અને પોતાની રીતે આવે અને જાય પૂછપરછની દખલગીરી નથી ગમતી.

હમણાં જ વાંચવામાં આવેલું કે એક ઉધ્યોગપતિએ મોટું ઘર અને ફર્નિચર બનાવ્યા અને ૧૦ ખુરશીવાળો ડાઈનિંગ ટેબલ પણ બનાવ્યો, પરંતુ એને ઉપયોગમાં ન લેવાયો કારણ કે દરેકના રૂમમાં અલગ ટી.વી. હોવાથી સૌ પોતપોતાના રૂમમાં જમતા હતા. પરિવારને ઘરમાં એક તાંતણે બાંધી રાખતી ક્રિયા હતી તો એ હતી ભોજનની, પરંતુ હવે એ વ્યક્તિગત બની ગઈ છે.

કેટલાક ઘરો તો હવે હોટલ બની ગયા છે એક જ રસોડામાં માતા-પિતાનું મેનુ અલગ હોય. દીકરા-વહુઓનું મેનુ અલગ હોય અને બાળકોનું મેનુ અલગ હોય અને ઘરમાં જો કુક હોય તો તેને બધાને પૂછીને અલગ અલગ વસ્તુઓ બનાવી પડતી હોય છે. પહેલા ઘરની વડીલ સ્ત્રી હોય એ મેનુ નક્કી કરી લે અને એ જ રસોઈ નાના-મોટા સૌ જમી લેતા અને કહેવાય છે કે ''અન્ન જુદા એના મન જુદા'' એટલે જ ભલે રહેતા હોય એક જ છતની નીચે પરંતુ અલગની જેમ અને હવે તો ઘરોમાં ''જક્ક ઋક્ક''ના કનેકશનો એ તો બળતામાં ઘી હોમવા જેવું કાર્ય કર્યું છે અને બધા પોતાના સાધનોમાં મસ્ત રહે છે.

એક છોકરા છોકરીનું ઈન્ટરવ્યુમાં છોકરાએ પૂછ્યું: તને રાંધતા આવડે છે એણે હા પાડી. છોકરાએ પૂછ્યું કઈ ડિશ સારી બનાવે છે ? એનો પણ એણે જવાબ આપ્યો. છોકરાઓ પૂછ્યું: ફિલમો જોવી ગમે ? એનો જવાબ પણ હા આપ્યો. પછી તો રીતસરનો પ્રશ્નનો મારો શરૂ થયો. કયો હિરો ગમે ? શું ભાવે ? ક્યાં ફરવું ગમે ? છોકરી પણ બધા જવાબ આપતી ગઈ બીજી ઘણી વાતો થઈ ભવિષ્યની આયોજન મિત્રો વગેરે વગેરે. અને એક જ ઉલ્લેખ ન કર્યો છોકરાએ કે ન કર્યો છોકરીએ અને એ હતું કે આપણે ચાર દીવાલમાંથી ઘર કેવી રીતે બનવાશું ? કદાચ એટલે જ આજે વર્તમાન કાળે ''ઘરો'' તુટતા દેખાય છે અને છૂટા પડવાનું પ્રમાણ વધ્યું છે.

અંતમાં: ઘર ચાહે કૈસા ભી હો લેકિન ઉસકે એક કોને મેં ખુલકર હસને કી જગહ રખના

# સમ્યક્ દર્શન સહેલી ભાષામાં

જૈન દર્શનમાં દર્શનના ઘણા અર્થો છે. મુખ્ય અર્થ અને ભેદ સમજીએ. સામાન્ય રીતે દર્શન એટલે દેખવું, સામાન્ય બોધ, સામાન્ય અવલોકન, સામાન્ય પ્રતિભાવ. દર્શન શબ્દનો બીજો અર્થ છે શ્રદ્ધા, પ્રતીતિ.

જ્ઞાન, દર્શન, ચારિત્ર એમ જ્યારે બોલવામાં આવે છે ત્યારે દર્શનનો અર્થ શ્રદ્ધા સમજવો. ज्ञान, दर्शन, चारित्राणी, मोक्षमार्गाणी. જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ મોક્ષમાર્ગ છે. અહીં દર્શન શબ્દનો અર્થ શ્રદ્ધા સમજવો. હવે જ્યારે જ્ઞાન અને દર્શનને બંને જોડે લેવામાં આવે છે અને ચારિત્ર ન લખેલ હોય અથવા તેનો ઉલ્લેખ ન થતો હોય ત્યારે દર્શન એટલે સામાન્ય પ્રતિભાસ, સામાન્ય બોધ - જોવું, અવલોકવું વગેરે કરવો.

આત્માના બે ગુણઃ શ્રદ્ધાગુણ અને દર્શનગુણ. આપણે ચાર ઘાતી કર્મોને જાણીએ છીએઃ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય. મોહનીય કર્મના બે ભાગ છેઃ દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. દર્શન મોહનીય આત્મામાં શ્રદ્ધાગુણનો અભાવ કરે છે. દર્શન મોહનીય કર્મનો ક્ષય થવાથી આત્માને સમ્યક્ દર્શન પ્રાપ્ત થાય છે અને આત્માની શુદ્ધતા વધતાંવધતાં પરિપૂર્ણ શુદ્ધતા થતાં કેવળજ્ઞાન પ્રગટે છે. દર્શનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી આત્માને અનંત ચતુષ્ટયમાનું અનંત દર્શન પ્રગટે છે.

જ્ઞાન અને દર્શનનાં કાર્યો અલગઅલગ છે. જ્ઞાનનું કામ વિચાર કરવાનું છે, નિર્ણયો લેવાનું છે. જ્યારે શ્રદ્ધાગુણનું કાર્ય એ ચાલતા વિચારો પર કે નિર્ણય પર સિક્કો લગાડવાનું છે. આપણે ચેક પર વ્યક્તિનું નામ, તારીખ, રકમ વગેરે લખાણ લખીએ તે કામની સરખામણી જ્ઞાનના કાર્ય સાથે થઈ શકે, પણ જ્યાં સુધી તે ચેક પર સહી ન થાય ત્યાં સુધી તે ચેક ઉપયોગી થતો નથી. ચેક પરની સહી એ શ્રદ્ધાગુણના કાર્ય સાથે સરખાવી શકાય. શ્રદ્ધા ક્યારેય વિચાર કરી શકતી નથી. શ્રદ્ધા લગભગ અંધ છે. જ્ઞાન ખોટું વિચારે તો તેના પર પણ તે સિક્કો લગાવે અને મિથ્યાત્વ પ્રગટે. જ્ઞાન, દર્શન, ચારિત્ર એમ માર્ગ બતાવ્યો છે. જ્ઞાનથી આત્માને જાણે પછી દર્શન એટલે શ્રદ્ધાથી તેમાં માને અને પછી તેમાં સ્થિર થાય. આત્માની જ્ઞાનની પર્યાયમાં જ્યારે આત્મા જણાય છે ત્યારે શ્રદ્ધાગુણ તે જ્ઞાન પર્યાયમાં જણાતા ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય પર પોતાપણું - એકત્વ એક સમય માટે કરે છે ત્યારે સમ્યક્ દર્શન પ્રગટ થાય છે.

હવે મુખ્ય વાત એ છે કે આ બધી નિશ્ચયની વાતો કે આ બધા વિચારો કે તત્ત્વચિંતનની બાજુ માનવી વળે ક્યારે? આ બધી તત્ત્વની વાતો, મિથ્યાત્વ, સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન મેળવવાની એને તલપ કે ભૂખ ક્યારે લાગે? આ વાત સમજવા જેવી છે.

શાંતિ, સમાધિ અને આનંદ એ આત્માના ગુણો છે. દરેક આત્મા એ મેળવવા ઝંખે જ, પણ આપણે ભૂલી ગયા છીએ કે શાંતિ, સમાધિ અને આનંદ એ આત્મામાંથી જ મળી શકે. તે આત્માની બહાર-વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ કે સંજોગોમાંથી ક્યારેય મળી ન શકે. માનવીનાં સુખ, શાંતિ, સમાધિ મેળવવાનાં બધાં જ ઝાવાં જ્યારે નિષ્ફળ જાય, એટલું જ નહીં, પણ આ સુખ, શાંતિ, સમાધિ ન મળતાં કેવળ દુઃખ જ મળે ત્યારે આખરે હારીને, થાકીને, ત્રાસીને તે માનવી દેવ, ગુરુ, ધર્મનો સહારો શોધે છે. જ્યાં સુધી માનવીને આ સંસાર એકાંતે દુઃખમય, ક્લેશમય ન લાગે ત્યાં સુધી માનવ ધર્મ બાજુ વળતો જ નથી. Enough Pain and suffering - સંસારમાંથી જ્યાં સુધી ન મળે ત્યાં સુધી માનવીમાં મોટે ભાગે 'Turning Point' આવતો જ નથી.

કોઈ માનવીને એમ લાગે કે આ મારી વાત નથી, બીજાઓની છે. મારે તો હવે બધું જ ઠરીઠામ થયું છે. મને પેન્શન સરસ મળે છે, છોકરાઓનો ધંધો સરસ ચાલે છે, છોકરીને પણ સારી જગ્યાએ પરણાવી છે. હવે મારે કાંઈ જ વાંધો નથી. આવા ભાઈઓને જ્ઞાની કહે છે કે, ''થોડોક વખત જવા દે ભાઈ, બધું જ ઊંધુંચત્તું થઈ જશે. તારી સુખની બાજી ક્યારે દુઃખમાં પલટાઈ જશે તેની તને ખબર

જ નહીં પડે.''

જીવનમાં અણધાર્યું કાંઈક બનવાનું જ. કૅન્સર થાય, અચાનક ઍટેક આવે, પગ તૂટે, થાપાનું ફ્રેક્ચર થાય, અકસ્માત થાય, દીકરો ધંધામાં મોટી ખોટ કરે, દીકરી વિધવા થઈને કે ડાઈવોર્સ લઈને પાછી આવે. કાંઈક આવું ન ધારેલું બનવાનું જ અને માનવીના જીવનની પત્તાની બાજી પલટાઈ જવાની.

ભરતી હોય ત્યાં ઓટ હોય જ. સદાય ભરતી ક્યારેય ન હોય. જીવનમાં 'Up Cycle' પછી 'Down Cycle' આવે જ. વૃદ્ધાવસ્થામાં અલ્ઝાઈમર કે પાર્કીન્સન્સનો રોગ લાગુ પડે કે લકવા થઈ જાય કે ડૉક્ટર કોઈ ભૂલ કરે, કાંઈક આવું થવાનું જ, બનવાનું જ. માનવીની જીતની બાજી હારમાં પલટાવાની જ. જ્યારે માનવીને સંસારનું સુખ અનિત્ય, ક્ષણિક, ઝાંઝવાના નીર સમાન લાગે ત્યારે જ ધર્મ બાજુ વળે.

આમ જ્યારે માનવી હારે, થાકે, ત્રાસે ત્યારે દેવ, ગુરુ, ધર્મનું શરણું શોધે. જ્યારે તેને સદ્‌ગુરુનો ભેટો થાય ત્યારે માનવી સત્સંગ, સત્‌શ્રવણ, સત્‌વાંચન કરે. વ્રત, તપ, ત્યાગ, પચ્ચક્‌ખાણ તરફ વળે. દાન, શિયળ, તપ અને ભાવની તેનામાં વૃદ્ધિ થાય. તેની બહારની રખડપટ્ટી, દોડધામ, આ લઈ લઉં, પેલું મેળવી લઉં વગેરે ક્રમશઃ ઓછાં થતાં જાય. તેના કષાયો ક્રોધ, માન, માયા, લોભ કે બીજાં દૂષણો ઘટતાં જાય. આકુળતા, વ્યાકુળતા, રઘવાટ વગેરે પણ ઘટે. જ્યારે તેના કષાયો મંદ પડે, વિચારોની-સંકલ્પ, વિકલ્પની તીવ્રતા ઘટે અને એ સંજોગોમાં જ્યારે સદ્‌ગુરુ તેને સંસારનું સ્વરૂપ, સુખનું સાચું કારણ, જૈન ધર્મના અમૂલ્ય સિદ્ધાંતો, છ દ્રવ્ય, આઠ કર્મ, નવ તત્ત્વ વગેરે સમજાવે ત્યારે તે આ બધાંની તત્ત્વવિચારણા કરવા ઉધમશીલ બને. ટૂંકમાં તે વખતે માનવી જે પહેલાં પાપના જ વિચારો-અશુભના જ વિચારો કરતો હતો તે હવે શુભના વિચારો કરે. જ્યાં સુધી કષાય મંદ થતા નથી ત્યાં સુધી માવની તત્ત્વવિચારણા કરવા પ્રેરાતો નથી.

હવે આ સંજોગોમાં સદ્‌ગુરુ જ્યારે તેને અશુભ, શુભ અને શુદ્ધની વાતો કરે અને તેને સમજાવે કે અશુભ તો છોડવા યોગ્ય (હેય) છે જ, શુભ પણ અંતે છોડવાનું છે (હેય છે), મેળવવાયોગ્ય, આદરવાયોગ્ય (ઉપાદેય) ફક્ત શુદ્ધ આત્મા જ છે ત્યારે તેને પ્રથમ તો આંચકો જ લાગે છે. સદ્‌ગુરુ જ્યારે કહે કે અશુભ કર્મો કરવાથી નરક ગતિ મળે, શુભ કર્મ કરવાથી સ્વર્ગ ગતિ મળે, પણ મોક્ષ ન મળે. આપણું ધ્યેય તો સર્વ કર્મથી મુક્તિ - મોક્ષ મેળવવાનું છે. તે ફક્ત શુદ્ધ આત્મદ્રવ્યની ઉપાસના કરવામાં આવે ત્યારે જ મળે છે. હવે ગુરુની વાત - શુભાશુભ છોડીને શુદ્ધ આત્મદ્રવ્ય પામવા માટે સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન, સમ્યક્ ચારિત્ર જરૂર છે એ સાંભળવા, તેના પર તત્ત્વવિચારણા કરવા, તેનું મંથન, ઘોલન, કરવા પ્રેરાય છે.

પણ... મોટા ભાગના સાધકો શુભમાં જ રોકાઈ જાય છે. અહીં જ્યારે તે દાન, શિયળ, તપ, વ્રત, યમ, નિયમ લે તો તે ધાર્મિક ગણાય છે. બધા તેની ખૂબ જ પ્રશંસા કરે છે. સાધુ-સંતો પણ તેની પ્રશંસા કરે છે, અનુમોદના કરે છે. સંસારમાં જ્યારે હતો ત્યારે તેની આટલી પ્રશંસા નહોતી થતી, જે હવે થાય છે, એટલે તેને હવે આ બધું સારુંસારું લાગે છે. આ જ કરવાયોગ્ય છે, આદરવાયોગ્ય છે, ઉપાદેય છે એમ સમજીને અહીં જ રોકાઈ જાય છે. અહીં તેની આત્મધર્મ તરફની પ્રગતિ રોકાઈ જાય છે.

*(ધર્મદ્વારમાંથી સાભાર)*

## વિશ્વાસ ક્યાં મળે છે

વિશ્વાસ ક્યાં મળે છે કોઈ આંખમાં હવે?
વિશ્વાસ ચોપડીમાં મળે વાંચવા હવે.
વિશ્વાસ ખટઘડી તણા સંભારણા હવે,
વિશ્વાસ દાદીમાની કોઈ વારતા હવે.
શોધો છો એ જીવન હવે મળશે નહીં કદી,
વિશ્વાસના આ 'વિ' વિનાના શ્વાસમાં હવે.
ફાવી ગયું બધાયને ઘર બહાર ઝાંપે છે...
'વિશ્વાસ' નામ કોતરી શણગારતા હવે
તારી ને મારી વચ્ચેનું અંતર, કહું? શું છે?
વિશ્વાસના ન હોવાની સંભાવના હવે.
છો શ્વાસ જ્યાં નિશ્વાસ મૂકે, શબ્દ નીકળે,
વિશ્વાસના વજન વિના શું કામના હવે?

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | દેવાંગ મહેંદ્ર ભણસાલી, ૨૭-૩-૧૯૭૧, ૫'૫''<br>S.Y. B.Com. Computer Course સર્વિસ | દશાશ્રીમાળી દેરાવાસી જૈન<br>પોરબંદર - મુંબઈ | (ઘર) ૦૨૨૨૬૮૭૮૦૦૯ |
| ૨) | પરાગ હસમુખભાઈ દોશી, ૮-૪-૧૯૮૧, ૫'૫''<br>B.Com. વોડા ફોન મૅનેજર | જૈન વણિક<br>ગુજરાત - કલ્યાણ | (ઘર) ૮૩૬૯૩૨૧૬૭૦<br>(મો) ૯૨૨૧૦૪૦૧૭૬ |
| ૩) | વિવેક મુકેશભાઈ દોશી, ૧૭-૮-૧૯૮૭, ૫-૬'<br>B. Pharma બિઝનેસ | જૈન વણિક<br>જામનગર - વાશી | (મો) ૭૪૯૮૧૧૮૮૬૮<br>(મો) ૯૨૨૧૦૪૦૧૭૬ |
| ૪) | મોનલ ભરતભાઈ પારેખ, ૧૦-૧-૧૯૯૩, ૫'-૭''<br>B.E. Computer Engg – | જૈન વણિક<br>ગુજરાત - ઘાટકોપર | (મો) ૮૦૯૭૭૭૩૭૩૮<br>(મો) ૯૨૨૧૦૪૦૧૭૬ |
| ૫) | વૈભવ એચ. ઠક્કર,૧૦-૩-૧૯૮૪, ૬'-૦''<br>BEIT, MBA, Finance | સ્થાનકવાસી જૈન<br>જામનગર - ઘાટકોપર | (ઘર) ૨૫૦૯૦૨૮૪<br>(મો) ૯૮૯૨૦૨૭૧૨૦ |
| ૬) | વીરેન પ્રવીણચંદ્ર શાહ (દેઢીવાળા),૧૫-૬-૧૯૭૭, ૫'૬''<br>B.Com. PGDCA. MCSD સર્વિસ | ઝાલાવાડી સ્થા. જૈન<br>થાનગઢ - બોરીવલી | (ઘર) ૦૨૨૨૮૯૮૫૫૬૮<br>(મો) ૯૮૨૧૬૭૯૫૦૮ |
| ૭) | તેજસ ચંદ્રકાંતભાઈ ટિંબડિયા, ૨૫-૮-૧૯૮૨, ૫'-૧૧''<br>S.S.C., – બિઝનેસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>બિલખા (જૂનાગઢ) - વસઈ | (ઘર) ૯૩૨૧૨૨૯૯૭૮<br>(મો) ૯૩૨૩૧૭૯૧૦૦ |
| ૮) | પ્રણવભાઈ નરેશભાઈ શાહ, ૧૧-૪-૧૯૭૯, ૫-૬'<br>Bcom છૂટાછેડા | દેરાવાસી શ્વે. મૂ.વિ.ઓ.જૈન<br>ટાકરવાડા-બોરીવલી | (મો) ૯૩૨૦૮૭૪૯૧૧<br>(મો) ૮૨૯૧૩૮૩૮૭૮ |

## યુવતી

| | | | |
|---|---|---|---|
| ૧) | ધ્વનિ ભરત શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭''<br>M.Com, Business (નોંધઃ લગ્ન મુંબઈમાં જ કરવા છે) | શ્રી કઠોર જૈન વિશાશ્રીમાળી જ્ઞાતિ<br>કઠોર (સુરત) - ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૨૮૧૨<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૨) | દિપાલી બિપીનચંદ્ર ઝવેરી, ૨૬-૪-૭૬, ૫ -૨'<br>S.S.C. (મંગળ-શનિ હળવો છે) | શ્રી સુરત વિશા ઓસવાલ જૈન દેરાવાસી<br>સુરત - અંધેરી | (ઘર) --<br>(મો) ૯૭૬૯૦૫૮૭૧૫ |
| ૩) | ચાંદની સમીરભાઈ શાહ, ૧૦-૭-૧૯૯૫, ૫ -૫'<br>B.Com., Education Classes | વૈષ્ણવ<br>સૌરાષ્ટ્ર - ઘાટકોપર | (ઘર) ૭૯૭૭૬૯૮૫૯૨<br>(મો) ૯૨૨૧૦૪૦૧૭૬ |
| ૪) | પુજા નીતિનભાઈ શાહ, ૧૦-૮-૧૯૮૫, ૫-૪'<br>B.com., Tution Classes | વૈષ્ણવ<br>ગુજરાત - ઘાટકોપર | (મો) ૯૨૨૧૦૪૦૧૭૬<br>(ઘર) ૯૮૯૨૯૪૦૬૨૭ |
| ૫) | જીનલ મહેશભાઈ શાહ, ૫-૬-૧૯૮૮, ૫-૫'<br>ICW Passed | વૈષ્ણવ<br>હાલ - વાશી | (મો) ૯૨૨૧૦૪૦૧૭૬<br>(ઘર) ૮૩૬૯૩૦૦૭૨૪ |
| ૬) | જલ્પા જયકાન્તભાઈ શાહ, ૨૨-૧-૧૯૮૫ ૫'-૪''<br>બી.કૉમ. - (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>શિહોર – ગોરેગામ | (ઘર) ૯૩૨૩૩૩૪૩૦૭<br>(મો) ૯૮૨૦૦૪૧૦૭૧ |
| ૭) | ઝંખના ગિરીશભાઈ શાહ, ૨-૧૨-૧૯૮૪, ૫'- ૩''<br>B.Com, C.A. | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>માંગરોળ - મુલુંડ | (ઘર) ૦૨૨૨૧૬૪૩૯૫૪<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૮) | ધારા રાજેશ શાહ, ૨૯-૪-૮૬, ૫ -૬'<br>IT Bachelor of Engg. | જૈન દેરાવાસી<br>મુંબઈ | (ઘર) ૯૮૩૩૮૮૦૫૫૦<br>(મો) ૯૭૬૯૧૧૨૩૭૨ |




## Effective Solutions

- Compactors
- Lockers
- Filing Cabinets
- Shelving Systems
- Multi-tier Racking
- FIFO / LIFO Racking

- AS/RS & Mini-Load Systems
- Drive-in / Drive-through Racking
- Automated Guided Vehicle (AGV)
- Heavy Duty Mobile Racking
- Pallet Racking
- Logistics Support Software Solution

- Reach Trucks
- Pallet Trucks
- Stackers
- Pallet Shuttle
- Forklifts
- Order Pickers

**Kompress (India) Pvt. Ltd.**

Godrej Coliseum, B Wing, Sion East, Mumbai 400022. India.
Tel: +9122 - 61740000 / 24090563 / 24078230
Fax: +9122 - 61740055 / 24096832
**ISO 9001: 2015 | ISO 14001: 2015 | OHSAS 18001: 2007**
**www.kompressindia.com | Toll Free : 1800 2700 232**

KOMPRESS®
WE CREATE SPACE ON EARTH

advt.

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26 Every Month
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2016-2018




Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057.
Editor : **CHANDRAKANT F. SHAH**

ADVT